Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**





વીર સં. ૨૫૦૫, એપ્રિલ [૪૨૬] વર્ષ ૩૫ : અંક ૧૭

હે જ્ઞાનના ઇચ્છક પુરુષ ! સાંભળ !

## મિથ્યાત્વાદિ ભાવકર્મને પુદ્‌ગલદ્રવ્ય જો કરે તો ભલે કરે ! તેમાં જીવને શું આવ્યું ?

શ્રી સમયસારની ગાથા ૧૦૯-૧૧૨ માં કહે છે કે હે જ્ઞાનના ઇચ્છક પુરુષ ! સાંભળ ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્‌ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. મિથ્યાત્વથી માંડીને સયોગીકેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો કે જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે તેઓ જ વ્યાપ્ય-વ્યાપકભાવે મિથ્યાત્વાદિ ભાવ કર્મને જો કરે તો ભલે કરે ! જીવને તેમાં શું આવ્યું ? જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય છે. આહાહા ! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જવાના છે. તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા પુદ્‌ગલ છે, શુદ્ધ જીવ કર્તા નથી. આહાહા ! સયોગી કેવળી ગુણસ્થાનને પણ અચેતન કહ્યું ! હે જ્ઞાનના ઇચ્છક શ્રોતા ! સાંભળ !-એમ કહીને આ ગાથામાં અપૂર્વ વાત કરી છે. અહીં તો એવો જીવ લીધો છે કે જેને હજુ મિથ્યાત્વ છે, આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે તેનો હજુ વિશ્વાસ આવ્યો નથી, તેને વિશ્વાસ કરાવે છે. મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાનો છે તે અશુદ્ધ નિશ્ચયથી જીવના પરિણામ છે, પર્યાયમાં પોતાની યોગ્યતાથી થાય છે તેને વ્યવહાર કહીને શુદ્ધ જીવમાં નથી તેથી તે અત્યંત અચેતન હોવાથી પુદ્‌ગલના કહ્યાં છે. એ મિથ્યાત્વાદિ ભાવકર્મને થોડો કાળ પુદ્‌ગલદ્રવ્ય કરે તો ભલે કરે ! એમાં શુદ્ધ જીવને શું આવ્યું ?-કાંઈ જ નહિ. થોડા જુના આસ્રવો છે તે નવા આસ્રવોને કરે તો કરો !-એ બધો પુદ્‌ગલકર્મનો પાક

( અનુસંધાન માટે જુઓ પેજ ૧૧ )

વાર્ષિક લવાજમ છ રૂપીયા
વર્ષ ૩૫ અંક ૧૭




વીર સંવત ૨૫૦૫
A. D. 1979 APR.

### શ્રી ગુરુ સમજાવે છે કે:

## ભાઈ ! તું સદાય ભગવાનસ્વરૂપ જ છો

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, અનાદિ–અનંત જ્ઞાતાદ્રવ્ય છે–એમ રાગથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન જે સમયે થાય તે જ સમયે બંધનો નિરોધ કઈ રીતે થાય છે? –એમ જિજ્ઞાસુ શિષ્ય પ્રશ્ન કરે છે તેને આચાર્ય મહારાજ સમજાવે છે કે જે આસ્રવો છે તે અપવિત્ર છે, જડ છે તથા આકુળતાના ઉપજાવનારા છે અને ભગવાન આત્મા તો મહા પવિત્ર ચૈતન્યસ્વભાવી તથા દુઃખનું અકારણ છે–એમ બન્નેના ભિન્ન ભિન્ન લક્ષણો જાણીને આ જીવ ભેદજ્ઞાન કરે છે તે જ સમયે આસ્રવોથી નિવર્તે છે તેથી જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે. કેમ કે જો આત્મા અને આસ્રવોનો ભેદ જાણવા છતાં આસ્રવોથી નિવૃત્ત ન થાય તો એ અજ્ઞાન જ રહ્યું, ભેદજ્ઞાન ન થયું. આત્મા અને આસ્રવોનું પારમાર્થિક ભેદજ્ઞાન ત્યારે થયું કહેવાય કે જ્યારે આસ્રવોથી નિવર્તન થાય, અને આસ્રવોથી નિવર્તન થતાં બંધનો નિરોધ થાય છે. તેથી આત્મસ્વભાવનું સમ્યક્ જ્ઞાન થતાં જ બંધનો નિરોધ થાય છે.

( શ્રી સમયસાર, ગાથા ૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વભાવનો પિંડ છે, એવા સ્વરૂપનું રાગથી ભિન્ન પડીને, જ્ઞાન થતાં માત્ર બંધ અટકી ગયો ?–આત્મા રાગથી ભિન્ન છે એવું ભેદજ્ઞાન થયું ત્યાં ભેદજ્ઞાન થતાં જ્ઞાનમાત્રથી કર્મનું બંધન મટી ગયું ? એમ શિષ્યનો પ્રશ્ન છે.

અરે ! આવી વાત સાંભળવા પણ મળે નહીં એ જિંદગી તો ઢોર જેવી જિંદગી છે. આહાહા ! શિષ્યને જ્યારે એમ કહેવામાં આવ્યું કે શાંતિનો સાગર ભગવાન આત્મા છે, તેનું રાગથી ભિન્ન પડીને જ્ઞાન થયું એ વાસ્તવિક જ્ઞાન છે, તે જ્ઞાનથી બંધનો નિરોધ થયો. ત્યારે આ સાંભળીને તેને એમ જિજ્ઞાસા થઈ કે પ્રભુ ! રાગની ક્રિયારૂપ જે આસ્રવ તેનાથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન થયું તેને કર્મના બંધનો નિરોધ કઈ રીતે છે ? આવી જેને જિજ્ઞાસા ઊઠી છે, જિજ્ઞાસા પ્રગટી છે તેને ઉત્તરરૂપે આ ગાથામાં કહેવામાં આવે છે.

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોના જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

## ❀ ભગવાન આત્મા મહા પવિત્ર જ છે ❀

જળમાં જેમ શેવાળ છે, મળ છે, એ મેલ છે. તે શેવાળની માફક આસ્રવો અર્થાત્ હિંસા–જૂઠું આદિ અશુભભાવો તથા દયા–દાન આદિના શુભભાવો મળપણે છે, મેલપણે છે. અંદરમાં જે દયા દાન આદિનો ભાવ ઊઠે છે તે રાગ છે, આસ્રવ છે તે મેલ છે, મળ છે. જળમાં શેવાળની માફક પુણ્ય–પાપના ભાવ ભગવાન આત્મામાં છે, પણ મેલ છે અને મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ–અપવિત્ર છે.

વ્રત–તપ ને ભક્તિ આદિનો ભાવ હો પણ તે આસ્રવ છે, મેલપણે વેદાય છે, મેલપણે અનુભવમાં આવે છે તેથી તે અશુચિ છે. જળમાં જેમ શેવાળ, મળ ને મેલ છે તેમ ભગવાન આત્મામાં શુભ ને અશુભભાવ શેવાળની માફક મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે એટલે કે અપવિત્ર છે. શરીર અશુચિ છે તેની તો અહીં વાત જ નથી. ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે તે પણ મેલ છે અને તે મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે, શુભભાવ કે જે પર્યાયમાં થાય છે, દ્રવ્યગુણમાં તો નથી પણ અવસ્થામાં થાય છે તે અશુચિ છે, અપવિત્ર છે.

ભગવાન આત્મા આનંદનો નાથ મહા પવિત્ર વસ્તુ છે ને શુભાશુભ ભાવ

છે તે જળમાં શેવાળની માફક મળ છે, મેલ છે ને મેલપણે અનુભવાય છે તેથી તે અશુચિ છે, અપવિત્ર છે. લોકો દ્રષ્ટિની ઊંધાઈથી દયા–દાન આદિ શુભરાગને ધર્મ માને છે, પવિત્ર માને છે પણ દ્રષ્ટિની ઊંધાઈના એ ફળમાં નિગોદ છે. અહીં તો કહે છે કે અશુભ છોડીને શુભમાં આવ્યો પણ તે જળમાં જેમ શેવાળ મેલ છે તેમ, એ મેલ છે.

એક કોર પુણ્ય–પાપની અપવિત્રતા બતાવીને ભગવાન આત્માની પવિત્રતા બતાવી કે સદાય અતિ નિર્મળ જાણન–દેખન સ્વભાવવાળો જ્ઞાયક હોવાથી અતિ શુચિ જ છે. ભગવાન આત્મા ચૈતન્યમાત્ર સ્વભાવપણે સદાય અતિ નિર્મળ જ્ઞાયક હોવાથી અતિ શુચિ જ છે, અતિ નિર્મળ જ છે, પવિત્રતાનો પિંડ છે, અતિ પવિત્ર જ છે, અતિ ઉજ્જવળ જ છે.

જ્ઞાનમાત્રથી બંધ કેમ અટકી જાય છે? એવી જિજ્ઞાસા જાગી છે તેને આ ઉત્તર કહેવાય છે કે જેમ જળમાં શેવાળ મેલપણે છે તેમ પુણ્યના ભાવો મેલપણે છે ને મેલપણે અનુભવાતા હોવાથી તે અશુચિ છે. આત્મામાં પૂજા–ભક્તિ–દયા–દાન–વૈયાવૃત્ય–સ્મરણ આદિનો ભાવ દેખાય છે તે રાગ છે, આસ્રવ છે, મળ છે ને ભગવાન આત્મામાં તે મેલપણે અનુભવાય છે તેથી તે અશુચિ છે. પંચમહાવ્રતના પરિણામ છે તે રાગ છે, અશુચિ છે.

ભગવાન આત્મા તો આસ્રવથી ભિન્ન સદાય અતિ નિર્મળ છે. પુણ્ય–પાપના ભાવ તો ક્ષણિક છે, મેલપણે છે ને મેલપણે અનુભવાય છે ને ભગવાન આત્મા તો ત્રિકાળી છે, સદાય છે, નિર્મળાનંદ પ્રભુ છે. ભગવાન આત્મા તો, સ્ફટિક જેમ નિર્મળ છે તેમ, સદાય અતિ નિર્મળ છે. ભગવાન આત્મા તો સદાય અતિ નિર્મળ, જાણવા–દેખવારૂપ જ્ઞાતાદ્રષ્ટાપણે જ્ઞાયક હોવાથી મહાશુચિ છે.

આચાર્ય મહારાજ કહે છે કે ભાઈ! તારો આત્મા તો ભગવાન છે અને તે ત્રણે કાળે સદાય અતિનિર્મળ છે. જાણનાર–દેખનાર જ્ઞાયક છે, તેથી અત્યંત શુચિ જ છે, પવિત્ર જ છે, ઉજ્જવળ જ છે. રાગથી ભિન્ન પડીને નિર્મળાનંદ પ્રભુનો અનુભવ કરવો તેને જૈન ધર્મ ને મોક્ષમાર્ગ કહે છે.

## ❀ ભગવાન આત્મા ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે ❀

દયા–દાન–ભક્તિ–નામસ્મરણ આદિ પુણ્યના ને પાપના ભાવો છે તે રાગ છે, આસ્રવ છે ને આસ્રવ છે તે જડસ્વભાવપણે છે, કેમ કે તેમાં ચૈતન્યનો સ્વભાવ નથી.

જે ભાવે પુણ્ય બંધાય તે રાગભાવ જડ છે કેમ કે તે પોતાને જાણી શકતો નથી પણ બીજા વડે–ચૈતન્યસ્વભાવ વડે જાણવા યોગ્ય છે. રાગ પોતાને જાણતો નથી કે હું રાગ છું તથા સાથે જે ચૈતન્ય છે તેને પણ જાણતો નથી. જે જડ હોય તે પોતે પોતાને જાણે નહીં ને બીજાને પણ જાણે નહીં. તેથી આસ્રવો છે તે જડ છે. તેમાં ચૈતન્યના નૂરના પૂરનો અંશ નથી માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે.

દયા–દાન આદિનો રાગ છે તે રાગ પોતાને જાણતો નથી, બીજાને જાણતો નથી ને તે રાગ બીજા વડે એટલે કે જાણનાર ચૈતન્ય વડે જણાવા યોગ્ય છે માટે તે જડ છે. કારણ કે જે જડ હોય તે પોતાને ને પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે. શુભરાગનો ભાવ છે તે પોતાને નહીં જાણનારો હોવાથી, પરને નહીં જાણનારો હોવાથી ને બીજાવડે જણાવા યોગ્ય હોવાથી તે જડ છે, આંધળો છે. માટે પુણ્ય–પાપનો રાગ છે તે ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે.

ભગવાન આત્મા કેવો છે?–કે ભગવાન આત્મા તો આસ્રવોથી જુદી જાતનો છે. ભગવાન આત્મા તો, પોતાને સ્વયં સદાય વિજ્ઞાનઘન સ્વભાવપણું હોવાથી એટલે કે જેમાં વિકલ્પનો પ્રવેશ નથી એવો હોવાથી પોતે જ જ્ઞાતા જ છે, ચેતક છે, જાણનાર –દેખનાર જ છે. પોતાને ને પરને જાણે છે માટે આત્મા ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે. જાણનસ્વભાવથી અનેરા સ્વભાવવાળો નથી પણ અનન્ય સ્વભાવવાળો જ છે. આત્મા ચૈતન્યસ્વભાવથી અભેદ છે, અનેરાપણે નહીં પણ એકપણે છે. ચૈતન્યથી આત્મા અનન્ય સ્વભાવવાળો જ છે.

## ❀ ભગવાન આત્મા સદાય દુઃખનું અકારણ જ છે ❀

શુભભાવ કે જેને દુનિયા અત્યારે ધર્મ માને છે, ધર્મનું કારણ માને છે, એ આસ્રવો શું છે?–કે આકુળતાને ઉપજાવનારા છે. શુભ ને અશુભભાવ આકુળતાના ઉપજાવનારા છે, આત્માની શાંતિને ઉપજાવનારા નથી. તેથી વ્યવહારથી નિશ્ચય થાય એમ બને નહીં. શુભભાવો આકુળતાના ઉપજાવનારા હોવાથી આત્માની શાંતિને કે ધર્મને ઉપજાવનારા નથી ભાઈ!

વ્યવહારના રાગના ભાવ સુખને ઉપજાવનારા નથી, આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણો છે. બીજી રીતે કહ્યું કે શુભભાવથી શુદ્ધભાવ થાય એમ નથી. શુભભાવ એ અપરાધ છે, દોષ છે. વ્રત–તપ–ભક્તિ આદિનો શુભભાવ દુઃખના કારણો છે. દુઃખરૂપ છે એમ ન કહેતાં દુઃખના કારણો છે એમ કહ્યું એટલે કે એ સમ્યગ્દર્શન

ને ધર્મના કારણો નથી. આસ્રવો દુઃખના કારણ છે. જે દુઃખના કારણ છે તે મોક્ષમાર્ગની પર્યાયના કારણ કેમ થાય ?

આ વાત સાંભળવા મળવી એ મહાભાગ્ય છે, બાકી દુનિયાના પૈસા આદિ હોય કે ન હોય, આ વાત સાંભળવા મળવી એ ભાગ્ય છે. અહીં કહે છે કે ભગવાન આત્મા સદાય નિરાકુળ સ્વભાવપણે છે. સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદરૂપ છે. સદાય નિરાકુળ સ્વભાવપણાને લીધે તે કોઈનું કાર્ય કે કોઈનું કારણ નથી. ભગવાન આત્મામાં એક અકારણકાર્ય નામનો ગુણ છે તેથી તે શુભનું કારણ પણ નથી કે શુભનું કાર્ય પણ નથી. શુભભાવ કે જેનાથી તીર્થંકર ગોત્ર બંધાય તે પણ આત્માનું કાર્ય નથી કે આત્મા તેનું કારણ નથી. કોઈનું કાર્ય તેમજ કોઈનું કારણ નહીં હોવાથી પ્રભુ તો દુઃખનું અકારણ જ છે.

ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા–સ્વભાવ હોવાને લીધે કોઈનું કાર્ય–કારણ નહીં હોવાથી દુઃખનું અકારણ છે. ભગવાન આત્મા આનંદના સ્વભાવને લીધે તેના દ્રવ્ય–ગુણ ને પર્યાય કોઈનું કાર્ય કે કારણ નથી. વ્યવહારરત્નત્રયનો રાગ કારણ ને આત્માના આનંદની પર્યાય એ કાર્ય એવું નથી. દ્રવ્ય–ગુણ તો કોઈનું કાર્ય નથી પણ તેની પર્યાય પણ કોઈનું કાર્ય નથી, કેમ કે આનંદ સ્વરૂપ ભગવાન દ્રષ્ટિમાં આવતાં આનંદની–ધર્મની જે પર્યાય થાય તે રાગનું કાર્ય નથી. રાગ છે તે આકુળતા છે ને પ્રભુ આત્મા છે તે અનાકુળ છે. બેના લક્ષણો જ વિરુધ્ધ છે.

ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વરૂપ છે. તેની દ્રષ્ટિ કરવાથી આનંદની પર્યાય થાય તે આનંદના પર્યાયના કાર્યનું દ્રવ્ય કારણ છે પણ તે બીજા કોઈનું કારણ નથી. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયનું કારણ કારણપરમાત્મા પોતે છે પણ રાગની મંદતાનું કારણ તે નથી. જેમ આનંદની પર્યાયનું કારણ રાગની મંદતા નથી તેમ રાગની મંદતાનું કારણ આનંદની પર્યાય નથી.

ભગવાન આત્મા અનંતગુણસ્વરૂપ પ્રભુ છે. તેના એક એક ગુણમાં અનંત અનંત ગુણનું રૂપ છે પણ તેમાં રાગનું રૂપ નથી. એક સમયમાં અનંત અનંત ગુણોનો સાગર પ્રભુ છે. એના એક એક ગુણમાં તેના અનંતા અનંતા ગુણોનું રૂપ છે. એક ગુણ બીજા ગુણમાં નથી પણ એક ગુણનું રૂપ બીજા ગુણમાં છે. પરંતુ વ્યવહારરત્નત્રયનો રાગ એ આત્માનો કોઈ ગુણ નથી તેથી રાગનું રૂપ કોઈ ગુણમાં નથી. તેથી ભગવાન આત્મા રાગનું કારણ નથી કે રાગ પોતાની આનંદની પર્યાયનું કારણ

નથી. ગમે તેટલી રાગની મંદતાનો ભાવ હો છતાં દ્રવ્ય–ગુણ કે પર્યાય તેનું કારણ નથી, તેમ ધર્મની જે પરિણતિ થઈ તેનું કારણ રાગ નથી. બીજી રીતે વ્યવહારરત્નત્રય સાધક ને નિશ્ચય સાધ્ય એમ નથી. અનંત ગુણસ્વરૂપ પ્રભુમાં પ્રભુત્વ નામનો એક ગુણ છે તેથી તેના અનંત ગુણોમાં પ્રભુત્વ ગુણનું રૂપ છે પરંતુ રાગ કારણ ને ધર્મની દશા કાર્ય એવો કોઈ ગુણ એમાં નથી.

આત્મામાં અનંતા ગુણો છે તે વીતરાગભાવે છે. અનંતા ગુણોમાં વીતરાગતા ભરી છે, રાગ ભર્યો નથી. તેથી આત્મા રાગનું કારણ નથી કે રાગનું કાર્ય પણ નથી. અનંત અનંત અનંત અનંત ગુણો છે એ બધા વીતરાગ સ્વભાવે છે. એ વીતરાગ ગુણોનો ધરનાર વીતરાગી ભગવાન આત્મા વીતરાગી પર્યાયનું કારણ છે પણ રાગની પર્યાયનું કારણ નથી, તેમ એ રાગની પર્યાય વીતરાગી પર્યાયનું કારણ નથી. જે રાગ ઉત્પન્ન થાય છે એ અદ્ધરથી ઉત્પન્ન થાય છે, અજ્ઞાની અજ્ઞાનને લીધે પર્યાયબુદ્ધિથી રાગને કરે છે, પણ રાગનું કારણ થાય એવો એક પણ ગુણ તેનામાં નથી. જેમ ભગવાન આત્મા રાગનું કારણ નથી તેમ એ રાગનું કાર્ય પણ નથી. પર્યાયબુદ્ધિમાં નિમિત્તને આધિન થઈને અદ્ધરથી જે રાગાદિ ઉત્પન્ન કરે છે તેનું કારણ દ્રવ્યસ્વભાવ નથી.

પ્રભુમાં અકાર્યકારણ નામનો એક ગુણ છે ને તેનું રૂપ જ્ઞાનગુણમાં છે તેથી રાગ એ જ્ઞાનનું કાર્ય નહીં ને રાગ એ જ્ઞાનનું કારણ નહીં. પ્રભુ તો આસ્રવનું–દુઃખનું કારણ નથી, અકારણ જ છે. શુભાશુભભાવનું ભગવાન અકારણ છે. આત્માની પર્યાયમાં થતાં દયા–દાન આદિના ભાવ એ દુઃખ છે તેનું કારણ આત્મા છે જ નહીં. પર્યાયમાં જે શુભાશુભ ભાવ થાય એ દુઃખરૂપ છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે રાગ છે, દુઃખરૂપ છે. એ ભાવનું કારણ આત્મા નથી. અહિંસા–સત્ય આદિનો વિકલ્પ થાય તે આસ્રવ છે, દુઃખરૂપ છે, તેનું કારણ આત્મા નથી. તીર્થંકર ગોત્ર બાંધવાના જીવના પરિણામ એ દુઃખરૂપ છે તેનું કારણ ભગવાન આત્મા નથી એમ અહીં કુંદકુંદાચાર્યદેવ ભગવાન સીમંધરસ્વામી પાસેથી સાંભળેલી વાત કહે છે.

આત્મા તો આનંદસ્વરૂપ છે તે દુઃખનું કારણ કેમ હોય? અધર્મની જે વિકૃતદશા ઉત્પન્ન થાય તેનું કારણ આનંદસ્વરૂપ આત્મા કેમ હોય? આનંદસ્વરૂપ આત્મા તો આનંદની દશાનું કારણ છે તે વ્યવહારરત્નત્રયના રાગનું–આસ્રવ દુઃખરૂપ છે તેનું કારણ કેમ હોય? ધર્મસ્વભાવથી ભરેલ આત્માને કારણ બનાવ તો ધર્મની

દશાનું કાર્ય થાય પણ રાગને કારણ બનાવીને ધર્મદશાનું કાર્ય થાય એમ નથી. લાખ –કરોડ રાગની ક્રિયા કરે પણ ધર્મની દશાનું એ કારણ નથી, કારણપરમાત્મા પોતે એ ધર્મદશાનું કારણ છે.

## ❀ બન્નેનો ભેદ જાણે છે તે જ વખતે આસ્રવોથી નિવર્તે છે ❀

આ રીતે સ્વભાવ ને રાગનો ભાવ એ બે ભિન્ન છે તેથી રાગ અને આત્મ–સ્વભાવની જુદાઈ જાણીને–દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે ત્યારે તે આત્મા તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે એટલે કે ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે અને તેનાથી વિરુધ્ધ રાગાદિના ભાવનો પ્રેમ તે ક્રોધ છે એમ બન્નેનો ભેદ જાણે છે ત્યારે તે જ વખતે ક્રોધાદિથી નિવૃત્ત થાય છે ને સ્વભાવની સન્મુખ થાય છે.

પુણ્ય–પાપના ભાવથી ભિન્ન હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ અતીન્દ્રિય આનંદ છું –એમ આત્મા ને આસ્રવનો જ્યારે ભેદ જાણે છે ને ભેદ કરે છે તે જ વખતે આસ્રવથી નિવૃત્ત થાય છે એટલે કે શુભાશુભભાવ મારા છે એવી જે માન્યતા હતી તેનાથી નિવૃત્ત થાય છે અર્થાત્ રાગના પ્રેમથી નિવૃત્ત થાય છે. સ્વભાવભાવ અને તેનાથી વિરુધ્ધ ભાવ એ બેની વહેંચણીથી–બેની જૂદાઈથી, એ ક્રોધાદિ ભાવ મારા છે એવી જે શ્રદ્ધા હતી, એ શ્રદ્ધાથી નિવૃત્ત થાય છે.

જેમ ફોતરા ને દાણો એ બેને જુદા જાણે તો ફોતરા કાઢી નાખે તેમ પુણ્ય–પાપના ભાવ એ ફોતરા છે ને ભગવાન જ્ઞાનસ્વરૂપી એ દાણો છે. એ બેને જ્યારે જુદા જાણે ત્યારે પુણ્ય–પાપના ભાવરૂપી ફોતરા મારા એવી માન્યતાથી નિવર્તે છે, પુણ્ય–પાપરૂપી ફોતરાને શ્રદ્ધામાંથી કાઢી નાખે છે. પુણ્ય–પાપના ભાવ મારા એ અભિપ્રાયમાંથી –શ્રદ્ધામાંથી છૂટી જાય છે.

પોતાનું કપડું ધોબીને ધોવા આપેલું પછી પાછું લાવ્યો ત્યારે બીજાનું આવી ગયેલું. એ કપડું પહેરીને બેઠો ત્યાં એ કપડાનો મૂળ ધણી આવ્યો કે આ કપડું તારું નથી મારું છે, જો મારું નામ લખેલ છે, તારા નામવાળું આ કપડું નથી. ત્યાં ચિહ્ન જોતા, અરે ! આ મારું કપડું નથી એમ અભિપ્રાયમાં આવી ગયું. પછી કાઢીને આપતાં ભલે થોડી વાર લાગે તેમ પુણ્ય–પાપના ભાવ એ તારા ભાવ નથી કેમ કે તું તો મહા પવિત્ર જ્ઞાતા ને નિરાકુળ સ્વભાવી છો ને પુણ્ય–પાપના ભાવો અશુચિ, જડ ને દુઃખના કારણો છે એમ શ્રીગુરુ પાસેથી બેની

ભિન્નતા સત્યાર્થપણે જાણતાં તે જ કાળે પુણ્ય–પાપના ભાવો મારા–એવી માન્યતાથી નિવર્તે છે.

જ્યારે આ આત્મા, આત્મા ને આસ્રવોને જુદા જાણે છે તે જ વખતે શ્રદ્ધામાં આસ્રવોથી નિવૃત્ત થાય છે. જો તે જ વખતે આસ્રવોથી નિવર્તતો ન હોય તો તેને આત્મા ને આસ્રવોનું યથાર્થ ભેદજ્ઞાન જ થયું નથી. ભાઈ! તારે દુઃખના પંથ છોડવા હોય ને સુખના પંથે આવવું હોય તો પુણ્ય–પાપના ભાવ દુઃખરૂપ છે ને મારું સ્વરૂપ આનંદ છે –એમ અભિપ્રાયમાં પુણ્ય–પાપના ભાવથી પાછો ફર, શ્રદ્ધામાં પુણ્ય–પાપના ભાવથી પાછો ફર. શુભાશુભ ભાવ એ મેલ છે ને પ્રભુ નિર્મળાનંદ છે એમ જો યથાર્થ ભેદજ્ઞાન થાય તો તેને આસ્રવથી નિવર્તન થાય જ છે, જો નિવર્તન ન થાય તો તેને પારમાર્થિક ભેદજ્ઞાન થયું જ નથી. પુણ્ય–પાપના ભાવોને દુઃખરૂપ જાણી અભિપ્રાયમાં તેનાથી પાછો ન વળે તો તેને પુણ્ય–પાપના ભાવો દુઃખરૂપ છે એવું ભેદજ્ઞાન થયું જ નથી.

એ રીતે જ્યારે પુણ્ય–પાપના ભાવોથી નિવર્ત્યો ત્યારે તેની સાથે જે અવિનાભાવી જ્ઞાન છે તેનાથી, અજ્ઞાનથી થતો જે કર્મનો બંધ, તેનો નિરોધ થાય છે. અજ્ઞાનથી કર્મનો બંધ થતો હતો પણ જ્યાં જ્ઞાન થયું ત્યાં બંધનો નિરોધ થયો.

આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે ને પુણ્ય–પાપના ભાવ દુઃખનું કારણ છે–એમ બેનું જેને ભેદજ્ઞાન થાય છે એ જ્ઞાનમાત્રથી અનંત સંસારમાં રખડવાનું કર્મબંધ અટકી જાય છે. જો કર્મબંધ ન અટકતું હોય તો અમે તને પ્રશ્ન કરીયે છીએ કે એ ભેદજ્ઞાન અજ્ઞાન છે કે જ્ઞાન છે? આ આત્મા શાશ્વત વસ્તુ ને પુણ્ય–પાપના કૃત્રિમ ક્ષણિક ભાવ એ બેનું ભેદજ્ઞાન થવા માત્રથી કર્મબંધન અટકી જાય છે. જો કર્મબંધન અટકી ન જતું હોય તો એ ભેદજ્ઞાન જ્ઞાન છે કે અજ્ઞાન? જો અજ્ઞાન છે તો તો એ પુણ્ય–પાપના ભાવથી જુદો જ પડયો નથી.

વળી એ ભેદજ્ઞાન જો જ્ઞાન છે તો એ પુણ્ય–પાપના ભાવમાં પ્રવર્તે છે કે નિવર્ત્યું છે? જો પુણ્ય–પાપ ભાવમાં એ પ્રવર્તે છે તો એ જ્ઞાન જ નથી. અને જો એ જ્ઞાન આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થઈ ગયો. આમ સિદ્ધ થવાથી દયા–દાન આદિ રાગરૂપ ક્રિયાનયનું ખંડન થયું. અર્થાત્ દયા–દાન આદિના રાગથી ધર્મ થાય એ વાતનું ખંડન થયું.

વળી આત્મા અને આસ્રવની ભિન્નતા જ્ઞાનમાં ખ્યાલમાં આવી પણ જો જ્ઞાન આસ્રવમાં જ વર્તે છે તો એ જ્ઞાન જ જ્ઞાન નથી, એ તો જાણપણું, ધારણા છે. બેની ભિન્નતા જાણપણામાં આવી પણ પાછો ત્યાં ને ત્યાં આસ્રવમાં વર્તે છે તો એ જ્ઞાન જ નથી. આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ ને વિકારીભાવો એ બેની ભિન્નતા જાણીને શુભાશુભમાં પ્રવર્તે છે તો એ અજ્ઞાન જ છે-એ રીતે જ્ઞાનનયનું ખંડન કર્યું અર્થાત્ જાણપણાથી-ધારણાથી ધર્મ થતો નથી એમ સિદ્ધ કર્યું. એ રીતે એકલું જાણપણું ધરાવે ને અંદર જ્ઞાનમાં-સ્વભાવમાં ન જાય તો એ જ્ઞાન જ નથી. એ રીતે ક્રિયાનય અને જ્ઞાનનયનું ખંડન કર્યું.

[ અનુસંધાન ટાઈટલ પેજ ૨ થી ચાલુ ]

છે, તેને શુદ્ધ જીવદ્રવ્ય કેમ કરે? આહાહા! શુદ્ધજીવ એ મિથ્યાત્વાદિ ભાવકર્મને કરતો નથી અને ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી વેદતો પણ નથી. અહીં તો શુદ્ધ જીવને નિરાળો સિદ્ધ કરવો છે. આત્મા તો આનંદનો ઢગલો છે, જ્ઞાનનો ઢગલો છે શાંતિનો ઢગલો છે, એ રાગાદિ અચેતન ભાવોને કેમ વેદે-ભોગવે? અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલો ચૈતન્યવજ્ર છે તે રાગને કેમ વેદે? ભલે હજુ છે તો મિથ્યાત્વ, પણ એ મિથ્યાત્વભાવને પુદ્‌ગલદ્રવ્ય કરે તો કરો! -એમાં જીવને શું? ! થોડો કાળ મિથ્યાત્વ છે તે નાશ થવાનું છે એવા જીવની વાત કરે છે. અહીં સાંભળનાર જિજ્ઞાસાથી સાંભળે છે તેને દ્રવ્ય ઉપર લક્ષ કરાવવા, મિથ્યાત્વાદિ ભાવનો કર્તા પુદ્‌ગલ છે તેમ કહીને, શુદ્ધ જીવ કે જે અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલો છે તેની દ્રષ્ટિ કરાવે છે. આહાહા! આ તો અધ્યાત્મના અંતરના માખણની વાતો છે! ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે. -પૂજ્ય ગુરુદેવશ્રી

# આસ્રવોથી છૂટવાની વિધિ

આસ્રવો અશુચિ, જડ ને દુઃખનું કારણ છે માટે તેનાથી નિવર્તવામાં લાભ છે–એમ શિષ્યને નક્કી થયું ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે આસ્રવોથી છૂટવા જેવું જ છે પણ તેનાથી છૂટવાની વિધિ શું? આસ્રવો અનાદિથી કરીયે તો છીએ પણ હવે તેનાથી છૂટવાની રીત શું છે? ત્યારે આચાર્ય મહારાજ તેને તે વિધિ સમજાવે છે કે ભાઈ! જેને આસ્રવોથી છૂટવું હોય તેણે પહેલા રાગમિશ્રિત વિચારદશામાં એમ નિર્ણય કરવો કે હું મારા જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાવ એવો અનાદિ અનંત નિત્ય–ઉદ્યોતરૂપ અખંડ એક આત્મા છું. રાગાદિનો તો કર્તા નથી પણ નિર્મળ પર્યાય થાય તેનો પણ જે અકર્તા છે એવી ત્રિકાળી અનુભૂતિમાત્ર આત્મદ્રવ્ય તે હું છું. દયા–દાન આદિ કે ક્રોધાદિ જે શુભ–અશુભભાવો થાય તેનો સ્વામી તો પુદ્‌ગલદ્રવ્ય છે, હું તેના સ્વામીપણે સદાય નહિ પરિણમનારો ને દર્શનજ્ઞાન વડે પરિપૂર્ણ છું.–આમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં વિચારદશામાં નિર્ણય કરીને, ભગવાન આત્માના આશ્રયે એ વિકલ્પોને વમી નાખીને નિર્વિકલ્પ દ્રષ્ટિ કરતાં, વિજ્ઞાનઘન થયો થકો, આસ્રવોથી નિવર્તે છે. આ વિધિએ અર્થાત્ પ્રથમ વિચારદશામાં આત્મસ્વરૂપનો નિર્ણય કરીને, પુરુષાર્થ વડે વિકલ્પ તોડીને, આત્માનું અવલંબન કરતાં આસ્રવોથી છૂટવું થાય છે.

[ શ્રી સમયસાર ગાથા ૭૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

હવે શિષ્ય કહે છે કે પુણ્ય–પાપના અશુચિભાવથી છૂટવાની વિધિ ને રીત શું છે? પુણ્ય–પાપના ભાવ મલિન, જડ ને દુઃખરૂપ છે તો એ આસ્રવભાવથી નિવર્તવાની વિધિ શી છે?–એમ શિષ્યનો પ્રશ્ન છે. શિષ્ય ત્યાં સુધી તો આવ્યો છે કે આસ્રવથી

નિવર્તવાથી લાભ છે, તેથી તેનાથી છૂટવાની વિધિ પૂછે છે, પરંતુ દયા–દાન આદિના આસ્રવોથી લાભ થાય છે માટે એ આસ્રવો કેમ થાય?–એમ શિષ્યને થતું નથી. આસ્રવ કરવાનું તો અનાદિથી છે પણ હવે આસ્રવથી નિવર્તવાની વિધિ શું છે?–એમ અંતરથી પ્રશ્ન આવ્યો છે. આસ્રવમાં પ્રવર્તવું છે કે આટલા વ્રત આદિ કરવા એ તો નથી, કેમ કે એ તો અનાદિથી છે પણ તેનાથી છૂટવાની વિધિ શું છે?–એમ પ્રશ્નકારનો પ્રશ્ન છે. તેને અહીં ઉત્તર આપે છે. જેને અંતરમાં શુભાશુભ ભાવ દુઃખરૂપ છે એમ ખ્યાલમાં આવ્યું છે તેને તેનાથી નિવર્તવાની વિધિ શું છે એ સમજાવવા જિજ્ઞાસુને આચાર્ય મહારાજ ઉત્તર આપે છે.

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

આ હું આત્મા પ્રત્યક્ષ છું, જ્ઞાનમાં પ્રત્યક્ષ છું, આત્મા પરોક્ષ રહે નહીં. હું આ પ્રત્યક્ષ અખંડ આત્મા છું–એમ પહેલાં વિકલ્પથી નિર્ણય કરવો. હું આ પ્રત્યક્ષ અને અખંડ અનંત જ્ઞાનમાત્ર જ્યોતિ આત્મા છું અનંત એટલે કાળની વાત નથી પણ ભાવની વાત છે કે અનંત ભાવવાળો જ્ઞાનમાત્ર જ્યોતિ છું–આવો આત્મા હું અનાદિ છું. મારી શરૂઆત નથી ને ભવિષ્યમાં અંત નથી એવો અનાદિ અનંત છું. વર્તમાનમાં નિત્ય ઉદ્યોતરૂપ છું. કાયમ પ્રગટરૂપ છું. અનાદિ અનંત નિત્ય ઉદ્યોતરૂપ વિજ્ઞાનઘન સ્વભાવપણાને લીધે હું એક છું. વિજ્ઞાનઘન છું માટે એક છું. વિજ્ઞાનઘન સ્વભાવપણાને કારણે ભેદ નથી તેથી એક છું.

આવો જે આત્મા છે તેમાં પરના કર્તા–કર્મ આદિ ષટ્કારકો નથી, રાગના ષટ્કારકો તેમાં નથી ને જે એની નિર્મળ પર્યાય છે તેના ષટ્કારકોથી પણ પાર એવો આત્મા તે હું છું. નિર્મળ પર્યાયના ષટ્કારકોથી મારી ચીજ ભિન્ન છે. પરના કર્તાપણાની કે રાગના કર્તાપણાની વાત તો ક્યાંય રહી પણ નિર્મળ પર્યાયના ષટ્કારકોની પ્રક્રિયાથી ભિન્ન મારી ચીજ છે. જ્ઞાયકસ્વરૂપ અબદ્ધસ્વરૂપ આત્મા પર્યાયના ષટ્કારકોથી ભિન્ન છે. મોક્ષમાર્ગના ષટ્કારકો છે તે દ્રવ્યસ્વભાવમાં નથી. મોક્ષમાર્ગની પર્યાયના એક સમયના ષટ્કારકોની પ્રક્રિયાથી પાર–ભિન્ન નિર્મળ અનુભૂતિ–ત્રિકાળી અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે હું શુદ્ધ છું.

૩૮ મી ગાથામાં નર–નારક આદિ જીવના વિશેષો તથા નવતત્ત્વના ભેદોથી જુદો હોવાથી શુદ્ધ છું એમ કહ્યું હતું. અહીં કર્તાકર્મ અધિકાર હોવાથી પર્યાયના

ષટ્કારકોથી ભિન્ન છું માટે શુદ્ધ છું એમ કહ્યું છે. ષટ્કારકોનું પરિણમન છે તે પર્યાયમાં છે. તેનાથી પાર ઊતરેલી જે ત્રિકાળી નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્ર હોવાથી હું શુદ્ધ છું.

હવે મમત્વહીન છું–એ ત્રીજો બોલ કહે છે. પુણ્ય–પાપના ભાવનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે એમ પહેલાં વિકલ્પથી નિર્ણય કર. પુદ્‌ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા ક્રોધાદિભાવો અનેકરૂપ છે. શુભાશુભભાવ એકરૂપ નથી, અનેકરૂપ છે. પુણ્ય–પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે અને હવે પછી હું, પુણ્ય–પાપના ભાવ થશે ખરા પણ, તેના સ્વામીપણે સદાય નહીં પરિણમનારો હોવાથી મમતારહિત છું. પુણ્ય–પાપનું સ્વામીપણું પુદ્‌ગલનું છે ને હવે પછી હું પુણ્ય–પાપના સ્વામીપણે સદાય નહીં પરિણમતો તેનાથી મમતારહિત છું. ભવિષ્યમાં પુણ્ય–પાપ થશે ખરા પણ એ મારા છે એવું સ્વામીત્વ નહીં રહે તેથી મમત્વહીન છું.

ભાઈ ! તારે પુણ્ય–પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય–પાપના ભાવનો સ્વામી પુદ્‌ગલ છે અને પુણ્ય–પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું. તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય–પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય–પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા અનંતા ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી પુણ્ય–પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં પરિણમનારો હું છું–એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય–પાપનો સ્વામી પુદ્‌ગલ છે પણ ભવિષ્યમાં જે પુણ્ય–પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું.

વળી કેવો છું ?–કે ચેતન ચેતન ચેતનમાત્ર જ્યોતિ છું. ચિન્માત્રજ્યોતિ છું. એવા જ્ઞાનમાત્ર આત્માનું વસ્તુના સ્વભાવથી જ સામાન્ય ને વિશેષ વડે આખાપણું હોવાથી દર્શન ને જ્ઞાન વડે પરિપૂર્ણ છું. દર્શન ને જ્ઞાન વડે પરિપૂર્ણ હોવાથી હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. વસ્તુસ્વભાવ હોવાથી સામાન્ય ને વિશેષ વડે આખાપણું હોવાથી હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. વસ્તુના સ્વભાવથી સામાન્ય ને વિશેષ વડે પરિપૂર્ણ હોવાથી જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું–એમ, જેને આસ્રવોથી નિવર્તવું હોય તેણે અંદરમાં નિર્ણય કરવો.

આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું એટલે કે બીજાથી વિશેષ ખાસ મારી વસ્તુ છે. આકાશાદિ દ્રવ્યની જેમ હું ખાસ વિશેષ વસ્તુ છું. જેમ આકાશ આદિ પદાર્થ છે, દ્રવ્ય છે, સ્વતંત્ર વસ્તુ છે તેમ હું પણ ખાસ વિશેષ વસ્તુ છું. તેથી હવે હું પુણ્ય–પાપ આદિ સમસ્ત પરદ્રવ્યની નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચય રહેતો થકો, પરદ્રવ્યના નિમિત્તથી મારી પર્યાયમાં થતાં–સામાન્યરૂપ ચેતનમાં થતાં એમ નહીં પણ વિશેષરૂપ ચેતનમાં થતાં પુણ્ય–પાપરૂપ ચંચળ કલ્લોલ, તેમને અટકાવીને ચૈતન્યસ્વરૂપને અનુભવતો થકો, પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં પુણ્ય–પાપ ભાવનો ક્ષય કરું છું. પહેલા પુણ્ય–પાપના ભાવનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય કહ્યું, પછી પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થનારા પુણ્ય–પાપના ભાવો છે એમ કહ્યું ને પછી કહ્યું કે એ ઉત્પન્ન થવાનું કારણ પોતાનું અજ્ઞાન છે. એવા પુણ્ય–પાપના ભાવનો ક્ષય કરું છું.–આવો નિર્ણય કર એમ કહે છે. સર્વજ્ઞદેવે જેવો આત્મા કહ્યો તેનો આ રીતે પહેલાં વિકલ્પથી નિર્ણય કરવો.

હવે કહે છે કે સમુદ્રના વમળમાં પકડાયેલું વહાણ જેણે છોડી દીધું છે એવા વમળની માફક સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે એટલે કે ભગવાન આત્માના આશ્રયે સર્વ વિકલ્પોને જલ્દી છોડી દીધા છે. નિર્વિકલ્પ દ્રષ્ટિ થતાં એકદમ પુરુષાર્થથી સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે તેથી એ વમી નાખેલા વિકલ્પો ફરી નહીં થાય. એવા જીવને જ અહીં લીધો છે કે જેમ ઓકેલું ભોજન માણસ ન ખાય તેમ રાગને જેણે ઓકી નાખ્યા છે તે ફરીને અમને ઉત્પન્ન થવાના જ નથી. એવા જ જીવની ધારા લીધી છે. વિકલ્પને સ્વભાવથી ભિન્ન કરી નાખ્યા છે એટલે કે નાશ કરી નાખ્યા છે. આહાહા! જેમ દ્રવ્ય પાછું ન પડે તેમ વિકલ્પ પાછો ન થાય. વિકલ્પ થાય ખરો પણ સ્વામીત્વપણે ન થાય.

એ રીતે નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માનો આશ્રય કરતો અવલંબતો વિજ્ઞાનઘન થયો છે. ભલે વિશેષ જ્ઞાન ન હોય પણ આત્માનો આશ્રય કર્યો તે વિજ્ઞાનઘન થયો છે. વિજ્ઞાનઘન થયો થકો આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.

આમાં પાત્રશુદ્ધિ શું?–કે પહેલાં આવો વિકલ્પાત્મક નિર્ણય કરે છે એ પાત્રશુદ્ધિ છે. કેમ કે મનના સંગે આવો નિર્ણય કરે છે ત્યાં પાંચ–ઇન્દ્રિય તરફના વલણનો ભાવ છૂટી ગયો છે.

–આસ્રવોથી કહો, દુઃખથી કહો કે મેલથી કે મળથી કહો, તેનાથી આ વિધિએ નિવર્તવું થાય છે.

# અનેક પ્રકારે આસ્રવોની વિપરીતતા જાણીને તેનાથી પાછો વળ

અહીં છ દ્રષ્ટાંતો દ્વારા આસ્રવો ને આત્માનું ભેદજ્ઞાન કરાવે છે કે જેમ પીપળ આદિ વૃક્ષ ઘાત થવા લાયક છે ને તેની સાથે રહેલ લાખ તેનો ઘાત કરનાર છે તેમ જીવ સાથે બંધાયેલા આસ્રવો ઘાતક છે ને જીવની નિર્મળ પર્યાય ઘાત થવા લાયક છે એટલે કે આસ્રવો જીવના સ્વભાવથી વિરુધ્ધ સ્વભાવવાળા હોવાથી તેઓ જીવ જ નથી. જેમ વાઈનો વેગ એકદમ વધે ને ઘટે તેમ ઘડીક દાન આદિ તીવ્ર શુભ રાગ થાય ને પછી ધીમે ધીમે એ શુભરાગ મંદ થઈ જાય છે એટલે કે આસ્રવો વધતા–ઘટતા હોવાથી અધ્રુવ છે અને જાણનાર –દેખનાર ચૈતન્ય પ્રભુ જ ધ્રુવ છે. જેમ ટાઢિયો તાવ ને ઊનો તાવ અનુક્રમે ઉત્પન્ન થાય છે તેમ શુભ ભાવ ને અશુભ ભાવ અનુક્રમે ઉત્પન્ન થનારા હોવાથી અનિત્ય છે ને વિજ્ઞાનઘન સ્વભાવી ભગવાન આત્મા જ નિત્ય છે. આહાહા! વીતરાગી સંતો તો વીતરાગ ભાવે જગતના જીવોને આસ્રવો ને આત્માની ભિન્નતા સમજાવે છે કે જેમ કામસેવનમાં વીર્ય છૂટી જતાં તે જ ક્ષણે દારૂણ કામ સંસ્કાર નાશ પામે છે તેને રોકી રાખી શકાતો નથી તેમ કર્મનો ઉદય છૂટી જાય છે તે જ સમયે આસ્રવો નાશ પામી જતા હોવાથી તેઓ અશરણ છે ને સ્વયંરક્ષિત એવો આત્મા જ શરણસહિત છે. વળી ભગવાનની ભક્તિરૂપ શુભ રાગ હો કે ધંધાદિનો અશુભ રાગ હો પણ તેઓ આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે ને સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ સુખરૂપ છે. તથા શુભાશુભ આસ્રવો ભવિષ્યમાં આકુળતા

ઉત્પન્ન કરનારા હોવાથી દુઃખફળરૂપ છે ને જીવ તો કર્મબંધનનો અહેતુ હોવાથી દુઃખફળરૂપ નથી.–આ રીતે આસ્રવો ને આત્માનું ભેદજ્ઞાન કરતાં જેમ જેમ વિજ્ઞાનઘન સ્વભાવમાં એકાગ્ર થતો જાય છે તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે; જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા ને આસ્રવોની નિવૃત્તિ સમકાલીન છે.

[ શ્રી સમયસાર, ગાથા–૭૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આત્માનું જ્ઞાન થાય ને આસ્રવોથી નિવર્તે અર્થાત્ આત્મામાં જ્ઞાનની એકાગ્રતા ને પુણ્ય–પાપના દુઃખરૂપ ભાવોથી નિવર્તવું તે બન્ને સમકાલીન છે?–બન્નેનો એક જ કાળ કઈ રીતે છે?–એમ શિષ્યનો પ્રશ્ન છે. શિષ્ય ત્યાં સુધી તો આવ્યો છે કે પુણ્ય–પાપના આસ્રવોથી નિવર્તવા જેવું છે પણ તેનો પ્રશ્ન એ છે કે આત્મજ્ઞાન થવાનો ને આસ્રવોથી નિવર્તવાનો એક કાળ કઈ રીતે છે? તેને અહીં ઉત્તર કહેવામાં આવે છેઃ–

**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

## ❀ વધ્ય ઘાતક સ્વભાવપણું ❀

વૃક્ષ અને લાખની જેમ વધ્ય–ઘાતકસ્વભાવપણું હોવાથી એટલે કે વૃક્ષ છે તે વધ થવા લાયક છે ને લાખ છે તે ઘાતક છે. પીપળના ઝાડમાં લાખ થાય છે એ લાખ ઘાતક છે ને ઝાડ ઘાત થવા લાયક છે. તેમ શુભાશુભભાવ ઘાતક–ઘાત કરનારા છે ને ભગવાન આત્માની અવસ્થા ઘાત થવા લાયક છે. જેમ લાખ વૃક્ષ સાથે બંધાયેલ છે છતાં વૃક્ષનો સ્વભાવ નથી તેમ ભગવાન આત્માની સાથે પુણ્ય–પાપના ભાવ નિબદ્ધ છે, સંબંધવાળા છે, બંધાયેલા છે પણ તે આત્માનો સ્વભાવ નથી.

ભગવાન આત્મા આનંદનો નાથ શુદ્ધ આનંદકંદ વસ્તુ છે, તેની વર્તમાન પર્યાયમાં જે પુણ્ય–પાપના ભાવ છે તે વસ્તુનો સ્વભાવ નથી પણ તેઓ નિબદ્ધ છે, જીવ સાથે બંધાયેલા છે. પરંતુ અવિરુધ્ધ સ્વભાવપણાનો અભાવ હોવાથી એટલે કે જ્ઞાન –દર્શન–આનંદ આદિ આત્માનો અવિરુધ્ધ સ્વભાવ છે ને પુણ્ય પાપના ભાવમાં એ અવિરુધ્ધ સ્વભાવનો અભાવ છે.

શુભાશુભ ભાવ જીવની વર્તમાન નિર્મળ પર્યાયનો ઘાત કરનારા છે. એ શુભ–ભાવને લાભ દાયક માને તો એ મિથ્યાત્વ છે. વૃક્ષ ને લાખની જેમ પુણ્ય–પાપના ભાવમાં

જીવના અવિરુધ્ધસ્વભાવનો અભાવ હોવાથી એ શુભાશુભ ભાવ તે જીવ જ નથી. જેમ લાખ છે તે પીપળ આદિ વૃક્ષ નથી, તેમ પુણ્ય પાપના પરિણામ તે જીવ નથી.

પરની હિંસા કે દયા પાળી શકતો નથી પણ સ્વભાવથી જે વિરુધ્ધ છે એવા શુભાશુભ ભાવને પોતાના માની પોતાની હિંસા કરે છે. કેમ કે ભગવાન આત્માને જે જ્ઞાન–આનંદ શાંતિ આદિ સાથે અવિરુધ્ધસ્વભાવપણું છે તેનો શુભાશુભભાવમાં અભાવ છે તેથી તે આત્મા જ નથી. લાખ જેમ ઝાડ નથી તેમ શુભ ને અશુભભાવ આત્મા જ નથી. શરીર આદિ તો ક્યાંય રહ્યા પણ શુભ ને અશુભભાવ જીવ જ નથી. તેથી અજીવ છે. કેમ કે ભગવાન આત્માના અવિરુધ્ધસ્વભાવભાવનો શુભાશુભમાં અભાવ છે. ભગવાનની ભક્તિનો ભાવ તે શુભભાવ છે. શુભભાવ છે તે જીવ નથી.

અરેરે! ત્રણલોકનો નાથ ભગવાન થઈને પોતે ભીખ માંગે છે કે મને પુણ્ય આપો, મોટાઈ આપો, માન આપો, પૈસા આપો. અહીં કહે છે કે જેમ લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે માટે લાખ ઘાતક છે ને વૃક્ષ હણાવા યોગ્ય છે, તેથી લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુધ્ધ છે, માટે લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે દયા–દાન–વ્રત આદિનો વિકલ્પ છે તે આસ્રવ છે. એ લાખની માફક ઘાતક છે ને આત્મા વધ્ય છે એટલે કે આત્માની પર્યાય ઘાત થવા લાયક છે. પુણ્ય–પાપનો ભાવ થતાં શાંતિની પર્યાય થવા ન દીધી તેથી પુણ્ય–પાપનો ભાવ ઘાતક ને જીવની નિર્મળ પર્યાય ઘાત થવા લાયક છે. આ રીતે પુણ્ય–પાપનો સ્વભાવ જીવથી વિરુધ્ધ સ્વભાવ હોવાથી આસ્રવો પોતે જીવ જ નથી.

## ❀ આસ્રવો અધ્રુવ છે ❀

વળી આસ્રવો અધ્રુવ છે. પુણ્ય–પાપના ભાવો વાઈના વેગની જેમ વધતા ઘટતા હોવાથી અધ્રુવ છે. વાઈના રોગનો વેગ એકદમ વધે ને ઘટે તેમ પુણ્ય ને પાપના ભાવો વધતા–ઘટતા હોવાથી અધ્રુવ છે, કાયમ રહેનારી ચીજ નથી. દાન આદિનો તીવ્ર શુભરાગ આવ્યો ને ધીમે ધીમે એ શુભરાગ ઘટવા લાગ્યો. હિંસા આદિનો તીવ્ર અશુભ–રાગ આવ્યો ને ધીમે ધીમે ઘટવા લાગ્યો. એ રીતે પુણ્ય–પાપના ભાવો વાઈની પેઠે વધે–ઘટે છે, કાયમ રહેનારા એકરૂપ ભાવ નથી, અધ્રુવ છે ને જાણનાર–દેખનાર ચૈતન્યપ્રભુ ધ્રુવ છે. આમ જાણીને આસ્રવોથી નિવર્તે છે–એમ કહેવું છે. જ્ઞાયકભાવથી ભરેલો ચૈતન્યમાત્ર પ્રભુ ધ્રુવ છે ને આસ્રવો અધ્રુવ છે એમ ભેદજ્ઞાન કરીને ધ્રુવમાં જેટલો એકાગ્ર થાય છે એટલો અધ્રુવ એવા આસ્રવોથી નિવર્તે છે. પહેલાં બોલમાં કહ્યું કે જેટલો અવિરુધ્ધસ્વભાવમાં પ્રવર્તે છે એટલો વિરુધ્ધ એવા આસ્રવ ભાવોથી નિવર્તે છે.

## ❀ આસ્રવો અનિત્ય છે ❀

હવે ત્રીજો બોલ કહે છે કે જેમ ટાઢિયો તાવ અને ઊનીયો તાવ એક પછી એક હોય તેમ આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે. પુણ્ય વખતે પાપ નથી ને પાપ વખતે પુણ્ય નથી તેથી આસ્રવો અનિત્ય છે. બીજા બોલમાં એમ કહ્યું હતું કે શુભાશુભભાવો વધતા–ઘટતા થાય છે ને અહીં ત્રીજા બોલમાં કહે છે કે દયા–દાન આદિનો શુભભાવ પલટીને એકદમ અશુભભાવ આવે અને કામ ક્રોધ આદિનો અશુભભાવ પલટીને શુભ આવે છે. પુણ્યનો આવેશ આવ્યો ત્યારે પાપ નથી ને પાપનો આવેશ આવ્યો ત્યારે પુણ્ય નથી, તેથી અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી આસ્રવો અનિત્ય છે. ભગવાન આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ છે તેથી જીવ નિત્ય છે. એ રીતે નિત્ય એવા વિજ્ઞાનઘન સ્વભાવમાં જેટલો આવે છે એટલો અનિત્ય એવા આસ્રવોથી નિવર્તે છે ને જેટલો આસ્રવોથી નિવર્તે છે એટલો વિજ્ઞાનઘન સ્વભાવમાં સ્થિર થતો જાય છે. બન્નેનો એક જ કાળ છે. ભગવાન આત્મામાં જામતો જાય છે એટલો આસ્રવોથી નિવર્તે છે ને જેટલો આસ્રવોથી નિવર્તે છે એટલો આત્મામાં જામતો જાય છે.

## ❀ આસ્રવો અશરણ છે ❀

હવે ચોથો બોલ કહે છે કે જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય છે, એ રાખ્યું ન રહે. આહાહા! સંતો તો વીતરાગી છે. તેણે તો વીતરાગભાવે દ્રષ્ટાંતથી જગતને સમજાવ્યું છે. કહે છે કે જેમ વીર્ય છૂટી જાય તે જ ક્ષણે દારૂણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે તેમ કર્મોદય છૂટી જાય તે જ ક્ષણે આસ્રવો છૂટી જાય છે, કોઈથી રાખ્યા રાખી શકાતા નથી. કોઈ કહે ખૂબ શુભભાવ કરો, આત્માને શરણ થશે, તો કહે છે કે જેમ વીર્ય છૂટી જતાં દારૂણ કામના સંસ્કાર નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકાતો નથી તેમ કર્મના ઉદયે શુભાશુભભાવ થયા છે તે કર્મનો ઉદય છૂટી જતાં આસ્રવો નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકાતા નથી માટે આસ્રવો અશરણ છે. ભગવાન આત્મા તો આપોઆપ રક્ષિત એવો સહજ ચિત્શક્તિરૂપ હોવાથી જીવ જ શરણસહિત છે. કાયમ ટકનારો ત્રિકાળ ચિત્શક્તિમાત્ર જીવ જ શરણસહિત છે.

## ❀ આસ્રવો દુઃખરૂપ છે ❀

હવે પાંચમો બોલ કહે છે કે આસ્રવો એટલે કે શુભ–અશુભભાવ સદાય આકુળ સ્વભાવવાળા છે. ભગવાનની ભક્તિનો ભાવ પણ આકુળ સ્વભાવવાળો છે તેથી તેઓ

દુઃખરૂપ છે. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા છે તેથી તેઓ દુઃખરૂપ છે. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા છે તેથી શુભભાવ શુદ્ધતાનું કારણ કેમ હોય? સદાય નિરાકુળસ્વભાવવાળો જીવ જ સુખરૂપ છે. સદાય આનંદ સ્વભાવવાળો જીવ જ સુખરૂપ છે. ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો પણ તે દુઃખરૂપ છે.

## ❁ આસ્રવો દુઃખફળરૂપ છે ❁

આસ્રવો–શુભ ને અશુભભાવ ભવિષ્યકાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે. આસ્રવથી પુદ્‌ગલપરિણામ બંધાશે ને તેના ફળના સંયોગમાં રાગ–દ્વેષ થશે. તેથી આસ્રવો દુઃખફળરૂપ અર્થાત્ તેમનું ફળ દુઃખ છે. શુભ આસ્રવથી અનુકૂળ સંયોગ ને અશુભ આસ્રવથી પ્રતિકૂળ સંયોગ ભવિષ્યમાં આવશે ને સંયોગના લક્ષે આકુળતા જ ઉત્પન્ન થશે. પ્રતિકૂળતાના સંયોગમાં લક્ષ જતાં દ્વેષ થશે ને અનુકૂળતાના સંયોગમાં લક્ષ જતાં રાગ થશે, એટલે કે દુઃખ થશે. શુભભાવ આગામીકાળમાં આકુળતા ઉત્પન્ન કરનારા પુણ્યબંધનો હેતુ–નિમિત્ત છે ને પુણ્યબંધના ફળમાં અનુકૂળ સંયોગો પ્રાપ્ત થતા તેના લક્ષે દુઃખ થશે તેથી શુભભાવ દુઃખફળરૂપ છે. વર્તમાનમાં જે પુણ્ય–બંધન થાય તેનો હેતુ શુભભાવ છે ને તે પુણ્યકર્મનો ઉદય આવતા સંયોગના લક્ષે દુઃખ જ થશે. તેથી આસ્રવો વર્તમાન તો દુઃખરૂપ છે પણ તેના ફળમાં ભવિષ્યમાં પણ દુઃખ આવશે, આનંદ નહીં આવે. જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ છે એટલે કે કોઈ પણ કર્મબંધનો હેતુ જીવ નથી, તીર્થંકરગોત્ર બંધાય તેમાં જીવ હેતુ નથી–શુભભાવ હેતુ છે ને શુભભાવ તે જીવ નથી. જે જીવ છે તે સમસ્ત કર્મબંધનનો અહેતુ છે. આહારક શરીરની પ્રકૃતિ બંધાય તેનો જીવ અહેતુ છે. ૧૪૮ પ્રકૃતિનો જીવ અહેતુ છે. ગાથા ૧૦૫માં પણ કહ્યું છે કે ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નથી. જેનો સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા છે એવો જીવ પુદ્‌ગલ કર્મનું નિમિત્ત થાય જ નહીં. આહાહા! આ તો ધીમેથી ઓગાળવા જેવું છે. જીવ જ પુદ્‌ગલ–પરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે–દુઃખફળરૂપ નથી. એટલે કે શુભભાવનું ફળ દુઃખ છે ને જીવનું ફળ ભવિષ્યમાં આનંદરૂપ છે. જીવ વર્તમાન આનંદરૂપ છે ને કોઈપણ પુદ્‌ગલ કર્મપ્રકૃતિનો અહેતુ હોવાથી ભવિષ્યમાં પણ સુખફળરૂપ છે. આનંદના ભાવથી ભવિષ્યમાં આનંદ આવશે ને આસ્રવના ભાવથી ભવિષ્યમાં દુઃખ આવશે.

આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ એટલે કે ઉપર કહ્યા

[ અનુસંધાન માટે જુઓ પેજ ૨૫ ]

# આશ્ચર્યકારી નિજ અજાયબઘરમાં ડોકિયું કર

**આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે. તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે. જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી. તું તેનું જ અવલોકન કર ને! તેની અંદર એક વાર ડોકિયું કરતાં પણ તને અપૂર્વ આનંદ થશે. ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહીં. બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય તૂટી થશે. તું પરથી વિરક્ત થઈશ. ૩૮૭.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આત્મા કેવો છે?–કે જેને સર્વજ્ઞ ભગવાને જોયો ને જાણ્યો છે તથા તેને જાણવો જોઈએ તે અહીં કહે છે. અનંતવાર સાધુ થયો પણ આત્મા અજાયબઘર છે તેને જોયો નથી. અનંત અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ તેમાં ભરી છે. ત્યાં જોતો નથી ને પુણ્ય–પાપની ક્રિયા છે ત્યાં જુએ છે પણ એ તો એકલું દુઃખ છે. અનંતી અનંતી શાંતિ ને અનંતુ અનંતુ સુખ એવા એવા તો અનંતા ગુણો અજાયબઘરમાં ભર્યા છે કે જેના એક એક ગુણમાં અનંતી શક્તિ ને અનંતી પર્યાય પડી છે.

જોવા જેવું બધુંય એ અજાયબઘરમાં પડયું છે, પણ તારા ઘરમાં તેં વાસ્તુ કર્યું નથી. તારું ઘર તો અનંતગુણોથી ભરેલું અજાયબઘર છે. એ અજાયબી જોવા જેવી છે. જોવા જેવું બધુંય અંદરમાં પડયું છે, બહારમાં જોવા જેવું કાંઈ નથી. જ્ઞાનસ્વરૂપ પ્રભુ, આનંદસ્વરૂપ પ્રભુ–એમાં જોવા જેવું બધુંય છે. પરંતુ જેમાં જોવા જેવું છે તેને જોયો નથી ને જ્યાં જોવા જેવું કાંઈ નથી ત્યાં અનાદિથી રોકાઈ ગયો છે. અરેરે! પાંચ–પચાસ હજાર રૂપિયા મળી જાય ત્યાં તો હરખાઈ જાય છે પણ ખરેખર તો એ રોઈ રહ્યો છે. આત્મામાં અનંતા ગુણની અજાયબી છે તેને જોતો નથી ને પૈસા મારા, રાગ મારો એમ જીવનની જ્યોતિને ત્યાં અટકાવી દીધી છે ને આત્માનું ખૂન કરી રહ્યો છે.

આત્મા અજાયબઘર છે. કેમ અજાયબઘર છે?–કે તેમાં અનંત ગુણોરૂપી અલૌકિક અજાયબીઓ ભરી છે માટે અજાયબઘર છે. તેમાં શું ભર્યું છે?–કે જોવા જેવું બધુંય

તેમાં ભર્યું છે, જોવા જેવી બધીય અજાયબીઓ અંદર ભરી છે પણ જે તારામાં નથી તેને તેં તારા જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યું છે એ તારી ભ્રમણા છે. તારા જ્ઞાનમાં નિજ અજાયબઘરને સ્વજ્ઞેય બનાવ ત્યારે એ જ્ઞાન સ્વપરપ્રકાશકપણાને લીધે પરજ્ઞેયને જાણે છે.

બધીય અજાયબીઓ તારા નિજ અજાયબઘરમાં ભરી છે. બહારમાં કાંઈ અજાયબી નથી. જાદુગરની હાથ ચાલાકી જોતાં અજાયબી લાગે પણ એમાં કાંઈ અજાયબી નથી. અલૌકિક અજાયબી તો તારા નિજ અજાયબઘરમાં ભરી છે. જોવા જેવું ને આશ્ચર્યકારી બધુંય તારા નિજ અજાયબઘરમાં છે, માટે તું દ્રષ્ટિને ફેરવ. ઇન્દ્રના ઇન્દ્રાસનો કે ચક્રવર્તીની સામગ્રી એ કાંઈ જોવા જેવું નથી. તારા જ્ઞાનમાં જ્ઞેય બનાવવા લાયક હોય તો તે તારો આત્મા છે.

દયા–દાન આદિનો રાગ થાય એમાં જોવા જેવું કાંઈ નથી. કેમ કે એ તારામાં નથી, એ તારી જાત નથી, એ તો કજાત છે. અરેરે! તેમાં ક્યાં રોકાઈ ગયો! ભગવાન આત્મા કોણ છે? તેને જાણ્યો નથી ને સામાયિક, પોષા આદિ કરે પણ એ તો વર વગરની જાન જેવું છે! વર વગરની જાનને જાન ન કહેવાય, માણસોનું ટોળું કહેવાય! ભગવાન આત્મા કોણ છે એ જાણ્યા વિના બહારમાં રોકાઈને રખડે છે.

તું ઉત્કૃષ્ટ અજાયબઘર છો, તેનું તું અવલોકન કરને! એકવાર તેની અંદર ડોકિયું કરતાં પણ તને અપૂર્વ આનંદ થશે, અપૂર્વ જ્ઞાન થશે, શાંતિ થશે. ઉત્કૃષ્ટ અજાયબઘરમાં એકવાર ડોકિયું કરતાં તને આનંદ આવશે ને ત્યાંથી બહાર આવવું તને ગોઠશે જ નહીં ને બહારની સર્વ વસ્તુ પ્રત્યેનું આશ્ચર્ય તૂટી જશે. નિજ અજાયબઘરમાં રત થતાં તું પરથી વિરક્ત થઈશ. જ્યાં સુધી તું રાગમાં રત છો ત્યાં સુધી તું સ્વભાવથી વિરક્ત છો. પરંતુ એકવાર તું તારા નિજ અજાયબઘરમાં ડોકિયું કર તો તું પરથી વિરક્ત થઈશ ને સ્વભાવમાં રત થઈશ. સમ્યગ્દર્શન થતાં એટલે કે નિજ અજાયબઘરનું જ્ઞાન થઈને પ્રતીતિ થતાં તને ત્યાંથી નીકળવું નહીં ગોઠે. દયા–દાન આદિનો વિકલ્પ આવશે પણ તને એ દુઃખરૂપ લાગશે. પાપના રાગની તો શું વાત કહેવી પણ દયા–દાન આદિનો શુભરાગ પણ અમૃતના ઓરડા આગળ ઝેર જેવો લાગશે.

નિજ અજાયબઘરમાં દ્રષ્ટિ પડતાં અનંતા ગુણનો એક એક અંશ પ્રગટ થશે. નિજ અજાયબઘરની દ્રષ્ટિ થતાં સ્વરૂપના રતપણાને લીધે પરથી વિરક્ત થઈશ. જોનારને જો, જોનાર પરને જોવે છે એ તારી ચીજ નથી પણ જોનારને જો તો તારા અનંતાગુણના તાળા ખુલી જશે. પ્રભુ! તું પરમાં જોવા ગયો છે તો હવે જોનારને જોને! તું જોનારને જોઈશ તો તને પરથી વિરક્તિ થશે; રાગ આવશે, સંયોગ આવશે પણ તને તેમાં રતપણું નહીં થાય.

# ❀ દ્રવ્ય દૃષ્ટિ ક્યારે થાય ? ❀

ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને !–આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે. પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી. ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો. દિશા આખી પલટાઈ ગઈ. ૩૯૭.

**[ ‘બહેનશ્રીના વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]**

ચૈતન્ય મારો દેવ છે એમ જોર આવે તો દ્રવ્યદૃષ્ટિ થાય. પરના લક્ષે થયેલું જ્ઞાન પણ હું નથી ને વર્તમાન અંશ પણ હું નથી. હું તો દિવ્ય શક્તિનો દેનાર ચૈતન્ય છું, એ મારો દેવ છે, તેને જ હું દેખું છું. દેખનારને દેખું છું. હું તો મારા ભગવાનને જ દેખું છું. પર્યાયમાં સ્વને દેખે એ ખરું દેખવું છે, પરને દેખવું એ કાંઈ ખરું દેખવું નથી. જેની સત્તામાં આ છે, આ છે–એમ દેખાય છે એ સત્તાને જ હું દેખું છું. એ સિવાય બીજું કાંઈ મને દેખાતું નથી. આવું દ્રવ્ય ઉપર જોર આવવું જોવે. પરની અધિકતા તો નહીં પણ પોતાની પર્યાયની અધિકતા પણ નહીં, દ્રવ્યની જ અધિકતા આવવી જોઈએ.

દ્રવ્યની જ અધિકતા રહે તો બધું નિર્મળ થતું જાય છે. જ્ઞાયક ચૈતન્યદેવની અધિકતા રહે તો પરિણમનમાં નિર્મળતા થતી જાય છે. પરનું જોર તો રહેવા દે પણ જોનાર પર્યાયનું જોર પણ રહેવા દે, દ્રવ્યનું જોર કર. પોતે બહારમાં–પર્યાયમાં રખડતો હતો. હવે પર્યાયે નિજઘર ભાળ્યું ત્યારે પોતે પોતામાં ગયો. જ્યાં પોતે છે ત્યાં પોતે ગયો. ધ્રુવ પૂર્ણાનંદ પ્રભુ પોતે છે ત્યાં પોતે જાય ત્યારે પોતે પોતામાં ગયો ને એકત્વબુદ્ધિ તૂટી ગઈ.

આ ચૈતન્ય મારો દેવ છે એમ પર્યાયે જોયું ને માન્યું ત્યાં રાગની એકતાબુદ્ધિ તૂટી જાય છે. અનંત અનંત ગુણોના ભંડારને જોયો ને જાણ્યો ત્યાં રાગની એકતાબુદ્ધિ તૂટી ગઈ ને બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટ થતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી ગઈ. બીલાડીને કેડ ભાંગી જાય તેમ સ્વરૂપનો રસ થતાં અન્ય રસની અનંતી મોળાશ આવી જાય છે. જેને આત્માના રસ પડયા તેને અંદર ખેંચાણ થઈ ગયું છે તેને હવે બહારના ખેંચાણ નહીં થાય.

ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો ને જે દિશા પર તરફ હતી તે સ્વ તરફ થઈ ગઈ, આખી દિશા પલટાઈ ગઈ. ❀ ❀

## જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય !

અહો ! સિદ્ધભગવાનની અનંત શાંતિ ! અહો ! તેમનો અપરિમિત આનંદ ! સાધકના સહેજ નિવૃત્ત પરિણામમાં પણ અપૂર્વ શીતળતા લાગે છે તો જે સર્વ વિભાવપરિણામથી સર્વથા નિવૃત્ત થયા છે એવા સિદ્ધભગવાનને પ્રગટેલી શાંતિની તો શી વાત ! તેમને તો જાણે શાંતિનો સાગર ઊછળી રહ્યો હોય એવી અમાપ શાંતિ હોય છે; જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય એવો અપાર આનંદ હોય છે. તારા આત્મામાં પણ એવું સુખ ભરેલું છે પણ વિભ્રમની ચાદર આડી આવી ગઈ છે તેથી તને દેખાતું નથી. ૪૦૮.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

અહો ! સિદ્ધ ભગવાનની પૂરણ શાંતિ ! તેમનું શું કહેવું ? અરે, સાધકને શાંતિની જે દશા પ્રગટે તેમાં પણ શુભાશુભ ભાવથી નિવૃત્તિ અને ત્રિકાળી પ્રભુ તરફની પરિણતિની પ્રવૃત્તિમાં શીતળતા લાગે છે, તેને પણ શાંતિ લાગે છે, તો સિદ્ધની શાંતિનું શું કહેવું ? નવમી ગ્રૈવેયક ગયો, એવો ઊંચો ભાવ અનંતવાર કર્યો પણ તેમાં શાંતિ ન હતી પણ શુભાશુભ ભાવથી થોડો નિવૃત્ત થયો ને સ્વભાવની પરિણતિમાં પ્રવૃત્ત થયો ત્યાં અપૂર્વ શાંતિ અનુભવાય છે, તો વિભાવથી સર્વથા નિવૃત્ત થયેલા સિદ્ધ ભગવંતોની પૂરણ શાંતિનું શું કહેવું !

થોડો વિભાવ ખસીને સ્વભાવ પ્રગટ થયો તેને પણ અપૂર્વ શીતળતા લાગે છે, તો પરમાત્માની પૂરણ શાંતિનું શું કહેવું ?–કેમ કે તેઓ તો સર્વ વિભાવભાવથી સર્વથા નિવૃત્ત થઈ ગયા છે. સમ્યગ્દ્રષ્ટિ તો શ્રદ્ધામાં વિભાવથી નિવૃત્ત થયો છે પણ સિદ્ધભગવાન તો વિભાવથી સર્વથા નિવૃત્ત થાય છે. તેથી તેમને તો જાણે શાંતિનો સાગર ઊછળી રહ્યો છે ! સમ્યગ્દ્રષ્ટિને તો હજુ શાંતિની પાતળી ધારા છે પણ પરમાત્માને તો શાંતિનો સાગર ઊછળ્યો છે તો એ શાંતિનું શું કહેવું ?

પુણ્ય પાપની રુચિ છોડીને, આનંદના નાથની રુચિ કરીને તેમાં દ્રષ્ટિ થતાં શ્રદ્ધામાં પુણ્ય–પાપની નિવૃત્તિ થતાં અપૂર્વ શાંતિ અનુભવાય છે ને આગળ જતાં મુનિરાજને ઘણા શુભની–વિકલ્પની નિવૃત્તિ થતાં ઘણી શાંતિ અનુભવાય છે તો જેને વિભાવપરિણામથી સર્વથા નિવૃત્તિ થઈ છે એવા ભગવાનને તો પર્યાયમાં પૂરણ શાંતિનો સાગર ઊછળી રહ્યો છે–એ શાંતિની શી વાત ?

સિદ્ધપરમાત્માને જાણે શાંતિનો સાગર ઊછળી રહ્યો હોય, જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઈ રહ્યો હોય એવો અપૂર્વ અપાર આનંદ હોય છે. પર્યાયમાં અતીન્દ્રિય આનંદની અતિ ઉગ્ર દશા હોય છે. સમ્યગ્દર્શન થતાં, શુભાશુભની રુચિ છૂટતાં, ગૃહસ્થાશ્રમમાં પણ અપૂર્વ શાંતિનો સ્વાદ આવે તો જે વિભાવથી સર્વથા નિવૃત્ત થઈ ગયા છે એવા સિદ્ધભગવાનને જે શાંતિનો સાગર હિલોળા મારે છે તેની શી વાત ! અને એ શાંતિ અંદરમાં હતી તે ભગવાનને પર્યાયમાં આવી છે અને તારા આત્મામાં પણ એવી શાંતિ ને સુખ ભરેલા છે પણ વિભ્રમની ચાદર આડી આવી ગઈ છે તેથી તને દેખાતા નથી. જેમ મોટો દરિયો હોય ને તેની સામે માણસ ઊભો હોય પણ તેની આડે ચાર હાથની ચાદર રાખી હોય તો દરિયો દેખાય નહીં તેમ શરીર તે હું, સ્ત્રી, પુત્ર, પૈસા મારા છે આદિ વિભ્રમની ચાદર આડી આવી ગઈ હોવાથી, મિથ્યા શ્રદ્ધાની આડમાં તારી ત્રિકાળી ચીજ છે તે તને દેખાતી નથી. ભ્રમણાની ચાદર આડે સુખ ને આનંદના સાગરથી ભરેલો ભગવાન તને દેખાતો નથી. પરંતુ જેણે વિભ્રમની ચાદરને ફાડી નાખી છે તેને સ્વભાવ દેખાય છે, ભગવાન ચૈતન્ય જાગતી જ્યોત તેને દેખાય છે.

[ અનેક પ્રકારે આસ્રવોની..........પેજ ૨૦ થી ચાલુ ]

પ્રમાણે છ બોલથી આસ્રવો ને આત્માનું ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા એટલે કે જેના કર્મના ફળ અભાવરૂપ થઈ ગયા છે એવો તે આત્મા એટલે કે જ્યાં ભગવાનનો પાક આવ્યો ત્યાં કર્મનો પાક છે જ નહીં એવો તે આત્મા, જેમ જથ્થાબંધ વાદળા વિખરાઈ જતાં સૂર્યનો પ્રકાશ અમર્યાદિત વિસ્તારમાં ફેલાઈ જાય છે તેમ સ્વાભાવિકપણે શક્તિઓમાંથી વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ સ્વભાવમાં એકાગ્ર થતો જાય છે–વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવર્તતો જાય છે. જ્ઞાનાનંદ સ્વભાવ ખીલતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવર્તતો જાય છે અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે. જેટલો સમ્યક્ પ્રકારે એટલે કે ભાષામાં ધારી રાખ્યું હતું કે આસ્રવ આમ છે–એમ નહીં પણ યથાર્થપણે આસ્રવથી નિવર્તે છે તેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાન ને આસ્રવોથી નિવૃત્તિને સમકાળપણું છે.




**પ્રશ્નઃ-** શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાન પ્રગટાવવાની ઉતાવળ થતી નથી ?

**ઉત્તરઃ-** શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાન પ્રગટ થવાનું જ છે તેથી ઉતાવળ–અધીરજ થતી નથી. તે જાણે છે કે ક્રમબદ્ધ પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થવાના કાળે પ્રગટ થવાનું જ છે તેથી ઉતાવળ કે અધીરજ થતી નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું હોવાથી વીતરાગતા છે. પૂર્ણ સ્વરૂપમાં દ્રષ્ટિ છે તેથી વીતરાગતા છે. જેમ બીજ ઊગી છે તે પૂર્ણ–પૂનમ થશે જ એમાં સંશય કે સંદેહ નથી. તેમ જેને અંતર આત્મભાન થયું છે તેને કેવળજ્ઞાન થવાનું જ છે, કેવળજ્ઞાન દોડયું આવે છે. તે અલ્પકાળમાં પ્રગટ થશે જ, એમાં સંશય કે સંદેહ શ્રુતજ્ઞાનીને થતો નથી.

* સર્વજ્ઞ પરમાત્મા એમ કહેતા હતા કે જગત આખું જ્ઞેય છે ને તું એક જ્ઞાતા છો. આ વિશ્વ આખું એક મોટા સમુદાયરૂપ છે તે બધું જ્ઞેય છે ને તું એક જ્ઞાતા છો. જગતમાં અનંતા સિદ્ધ–સર્વજ્ઞો છે એ બધો સમુદાય જ્ઞેય છે ને તું એક જ્ઞાતા છો. એ ભગવાન ને ગુરુ મારા ને હું તેનો શિષ્ય છું તેમ નથી પણ તે બધા જ્ઞેય છે ને તું એક જ્ઞાતા છો. ઇન્દ્રિયો–વિષય સામગ્રીઓ આદિ બધું જ્ઞેય છે ને તું જ્ઞાતા છો. એ પદાર્થો મારા છે એમ નથી પણ એ બધા જ્ઞેય છે. કામ ક્રોધ દયા દાન ભક્તિથી માંડીને વિશ્વ આખું જ્ઞેયનો સમુદાય છે અને સ્વભાવના લક્ષે પરિણમતું ભાવશ્રુતજ્ઞાન તે જ્ઞાતા છે. કેવળજ્ઞાનમાં જ્ઞેયો પ્રત્યક્ષ છે અને શ્રુતજ્ઞાનમાં જ્ઞેયો પરોક્ષ છે. જેમ બળવા યોગ્ય પદાર્થોને બાળતો તે અગ્નિ છે તેમ જાણવા યોગ્ય વિશ્વના જ્ઞેયાકારરૂપે પરિણમતો આત્મા તે જ્ઞાયક છે.

**પ્રશ્નઃ-** પંચ પરમેષ્ઠી તો જ્ઞેય છે પણ રાગ તો હેય છે ને ?

**ઉત્તરઃ-** રાગ હેયસ્વરૂપ જ્ઞેય છે. અહીં તો હેય પણ કહેવું નથી પણ વિશ્વ આખું જ્ઞેય છે. તેમાં આ મારા ને આ તારા એવા ભાગલા પાડે છે તે મિથ્યાદ્રષ્ટિ છે.

* ઘટ–પટ આદિ પરદ્રવ્યના કાર્યનો વ્યાપ્ય–

વ્યાપક ભાવે તો આત્મા કર્તા નથી પણ નિમિત્તપણે પણ કર્તા નથી. કેમ કે જો ઘટ–પટ આદિના કાર્યનો નિમિત્તપણે પણ કર્તા હોય તો જ્યારે જ્યારે ઘટ–પટ આદિના કાર્યો થાય ત્યારે આત્માને હાજર રહેવું પડે! નિત્ય–કર્તૃત્વનો પ્રસંગ આવે! તેથી આત્મા નિમિત્તપણે પણ કર્તા નથી. ઘટ–પટાદિના કાર્યકાળે ફક્ત ઇચ્છા–વિકલ્પને નિમિત્તકર્તા કહેવાય. પણ તે કોના? કે જેને વિકલ્પમાં એકત્વબુદ્ધિ છે એવા અજ્ઞાનીની ઇચ્છારૂપ યોગ ઉપયોગને નિમિત્તકર્તા કહેવાય છે. જ્ઞાની નબળાઈથી થતાં વિકલ્પનો કર્તા નથી પણ જ્ઞાતા છે. તેથી જ્ઞાની તો ઘટ–પટ આદિ કાર્યોનો નિમિત્તકર્તા પણ થતો નથી, પણ તે ઘટ–પટ આદિના કાર્યને પોતાના સ્વપર પ્રકાશક જ્ઞાનમાં નિમિત્ત બનાવે છે. આહાહા! જ્ઞાની ધર્માત્મા ગૃહસ્થાશ્રમમાં અનેક પ્રકારના દેહ–વાણી આદિના કાર્યમાં પ્રવર્તતો દેખાય છતાં એનો નિમિત્તપણે પણ કર્તા નથી જ્ઞાતા જ છે.

**પ્રશ્નઃ-** તત્ત્વનું સ્વરૂપ બરાબર જાણવા છતાં જીવ કેવા પ્રકારથી અટકી જાય છે?

**ઉત્તરઃ-** તત્ત્વને બરાબર જાણવા છતાં પર તરફના ભાવમાં ઊંડે ઊંડે રાજીપો રહી જાય છે, પરલક્ષી જ્ઞાનમાં સંતોષાય છે અથવા આવડતના અભિમાનમાં અટકી જાય છે. બહાર પડવાના ભાવમાં રોકાઈ જાય છે. અંદર રહેવાના ભાવ નથી તેથી અટકી જાય છે. અથવા શુભ પરિણામમાં મીઠાશ રહી જાય છે. પરદ્રવ્યમાં સુખબુદ્ધિથી અટકી જાય છે. એમ ખાસ પ્રકારની પાત્રતા વિના જીવ અનેક પ્રકારથી અટકી જાય છે.

* પ્રભુ! તું બેહદ જ્ઞાન, બેહદ દર્શન, બેહદ સુખ, બેહદ વીર્ય, બેહદ પ્રભુત્વ આદિ અનંત અનંત ગુણથી ભરેલો ભગવાન હોવા છતાં શરીરાદિમાં મૂર્છાઈ ગયો છો. અનંત અનંત જ્ઞાન આનંદ આદિ સ્વભાવથી ભરેલો પ્રભુ! તું ક્રોધાદિ વિકલ્પો અને ધર્માસ્તિકાય આદિ જ્ઞેયોને પોતાનું માનીને પરદ્રવ્યમાં મૂર્છાઈ ગયો. ભાઈ! તું છો બેહદ સુખ આદિ ગુણથી ભરેલો પ્રભુ! તું છો અનંત અનંત વીતરાગતાથી ભરેલો ભગવાન! છતાં અજ્ઞાનથી પરને અને તારે સંબંધ છે એમ માનીને મૃતક કલેવરમાં અનાદિથી મૂર્છાઈ ગયો! ભાઈ તું તારા બેહદ સુખસ્વભાવ સામું જો તો તારા દુઃખ ટળે ને સુખ થાય.

* સાધક જીવને ભૂમિકા પ્રમાણે દેવ–શાસ્ત્ર–ગુરુનો મહિમા ભક્તિ શ્રુત ચિંતવન અણુવ્રત મહાવ્રત આદિના શુભ વિકલ્પો આવે છે, હોય છે, પણ તે જ્ઞાયક પરિણતિને બોજારૂપ છે આહાહા! અરે! આવા શુભ વિકલ્પો પણ બોજારૂપ લાગે છે! જેમ રૂના પોલ ઉપર લોખંડનો ભાર મૂકે ને પોલ દબાઈ

જાય તેમ જ્ઞાયક પરિણતિને શુભ વિકલ્પો પણ જ્યાં બોજારૂપ લાગે છે ત્યાં વેપાર–ધંધો–ધનાદિની રક્ષાના અશુભ રાગના બોજાની તો વાત જ શું કરવી? પવિત્ર પરિણતિમાં શુભની અપવિત્ર પરિણતિ બોજારૂપ છે, ભારરૂપ છે, આકુલતા ને કલેશરૂપ છે. આહાહા! આવું સ્પષ્ટ કથન દિગંબર સંતોનું છે. ભાઈ! તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો સમ્યગ્જ્ઞાનની તીક્ષ્ણબુદ્ધિથી આનંદના સાગર સ્વભાવને પકડી લે! જો આનંદસ્વરૂપ દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો મુક્તિની પર્યાય સહેજે મળી જશે.

* ભાઈ! તું એકવાર કુતૂહુલ તો કર! ભગવાન તારા આટલા આટલા વખાણ કરે છે, એ છે કોણ? તું આનંદનો સાગર છો, પરમાનંદ સ્વરૂપ છો, અનંત અનંત ગુણોનું ગોદામ છે, અતીન્દ્રિય આનંદનો દરિયો છો, સિદ્ધસમાન શુદ્ધ છો, આટલા આટલા તારા વખાણ કરે છે એવો તું પરમાત્મસ્વરૂપ છો કોણ? એનું એકવાર કુતૂહલ કરીને જો તો ખરો! ભાઈ! મહા કષ્ટે, મરીને પણ તું કુતૂહલ કરીને જો! આ શરીરાદિનો પાડોશી થઈ આત્માનો અનુભવ કર, તો તારો આત્મા આનંદરૂપ વિલાસરૂપ દેખાશે ને પરદ્રવ્યનો મોહ તુરત છૂટી જશે.

* વિપરીત મિથ્યાત્વના અનંત પ્રકાર છે અને સ્થૂલપણે અસંખ્ય પ્રકાર છે. તેમાંથી જેટલા પ્રકારની વિપરીતતા છૂટે છે એ ત્યાગ નથી? અને બધા પ્રકારની વિપરીતતા છૂટતા સમ્યગ્દર્શન થઈ જશે, પણ બાહ્યત્યાગની દ્રષ્ટિવાળાને એ મિથ્યાત્વનો ત્યાગ છે તે દેખાતો નથી રાગ ને હું આત્મા એક છું એવી માન્યતા ચોરાશીના અવતારમાં રખડવાનું કારણ મહા પાખંડરૂપ મિથ્યાત્વ છે પણ બાહ્ય ત્યાગ દ્રષ્ટિવાળાને એ મિથ્યાત્વનું મહાન પાપ દેખાતું નથી. આહાહા! એ મિથ્યાત્વના દુઃખો બહુ આકરા છે ભાઈ!

* ભાઈ! તું વિચાર તો કર! તારા સિવાય તારા માટે દુનિયામાં શી આશ્ચર્યકારી વસ્તુ છે? શું ધન વૈભવ આદિ મળે તે આશ્ચર્યકારી છે? સ્વર્ગ મળે તે આશ્ચર્યકારી છે? વ્રત તપ આદિના શુભ ભાવો કર્યા તે આશ્ચર્યકારી છે? એ બધું તો તેં અનંતવાર કર્યું ને અનંતવાર મળ્યું! તેં જગતમાં બધી જાતના પ્રયત્નો કર્યા છે પણ એક સુખસ્વરૂપ ને જ્ઞાનસ્વરૂપ આશ્ચર્યકારી તારા આત્માને તેં કદી જાણ્યો–ઓળખ્યો નથી. એ જ એક જાણવાનું બાકી રહી જાય છે તેને તું જાણ!

**પ્રશ્નઃ-** સમ્યગ્દ્રષ્ટિને અખંડજ્ઞાન અને ખંડજ્ઞાન બન્ને એકસાથે હોય?

**ઉત્તરઃ-** સમ્યગ્દ્રષ્ટિને અખંડની દ્રષ્ટિ છે તેમાં

ખંડ ખંડ જ્ઞાન જ્ઞેય રૂપ છે. એક જ્ઞાનપર્યાયમાં બે ભાગઃ– જેટલું સ્વલક્ષીજ્ઞાન છે તે સુખરૂપ છે, જેટલું પરલક્ષી–પરસત્તાવલંબી જ્ઞાન છે તે દુઃખરૂપ છે. પર તરફનું શ્રુતનું જ્ઞાન ઇન્દ્રિયજ્ઞાન છે, પરજ્ઞેય છે, પરદ્રવ્ય છે. આહાહા! દેવ–ગુરુ તો પરદ્રવ્ય છે પણ ઇન્દ્રિયજ્ઞાન પણ પરદ્રવ્ય છે. આત્માનું જ્ઞાન તે જ વાસ્તવિક જ્ઞાન છે.

**પ્રશ્નઃ**- પ્રવચનસારમાં ક્ષયોપશમજ્ઞાનને મૂર્ત કહ્યું છે?

**ઉત્તરઃ**- એક ન્યાયે મૂર્ત છે અને બંધનું કારણ પણ છે. પર તરફનો ક્ષયોપશમ છે તે બંધનું કારણ છે અને સ્વ તરફનો ક્ષયોપશમ છે તે અબંધ છે. અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ તે જ ભૂતાર્થ છે અને ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખ તે અભૂતાર્થ છે, જૂઠું છે, કલ્પનામાત્ર છે. તે ખરૂં જ્ઞાન નથી ને ખરું સુખ પણ નથી. તેથી તે હેય છે. અતીન્દ્રિયજ્ઞાન ને સુખ ભૂતાર્થ હોવાથી ઉપાદેય છે. ઇન્દ્રિયજ્ઞાન ભલે અગિયાર અંગનું હોય છતાં તે શબ્દજ્ઞાન છે તેથી હેય છે અને અતીન્દ્રિયજ્ઞાન ભલે થોડું હોય છતાં તેને આત્માનો આશ્રય હોવાથી ઉપાદેય છે.

* આત્મા જ્ઞાનપ્રમાણે છે, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે અને જ્ઞેય લોકાલોકપ્રમાણ છે–એમ કહ્યું, પણ જ્ઞાનમાં એટલી શક્તિ છે કે અનંત લોક હોય તોપણ જ્ઞાન જાણી લે એટલી બેહદ તાકાતવાળું છે. જે સર્વને જાણે છે તે આત્માને જાણે છે અને આત્માને જાણે તે સર્વને જાણે છે. કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક પ્રત્યક્ષ જણાય છે તેમ શ્રુતજ્ઞાનમાં પણ લોકાલોક પરોક્ષ જાણવામાં આવી જાય છે. જેમ થાંભલાનો એક ભાગ જાણતાં આખો થાંભલો ખ્યાલમાં આવી જાય છે તેમ શ્રુતજ્ઞાન છે તે કેવળજ્ઞાન–અવયવીનો અવયવ છે, એ શ્રુતજ્ઞાન અવયવને જાણતાં અવયવી કેવળજ્ઞાન પરોક્ષરૂપે ખ્યાલમાં આવી જાય છે. કેવળજ્ઞાન લોકાલોકને પ્રત્યક્ષ જાણે છે ને શ્રુતજ્ઞાન લોકાલોકને પરોક્ષ જાણે છે.

* આત્મવસ્તુ અક્ષય ને અનંત છે. તેના આશ્રયે પ્રગટેલી પર્યાય છે તે પણ અક્ષય ને અનંત છે, ભલે પર્યાય પૂર્ણ ન હોય ને અલ્પશુદ્ધિ હોય છતાં વસ્તુના આશ્રયે પ્રગટેલી પર્યાય પણ અક્ષય ને અનંત છે.

**પ્રશ્નઃ**- આત્માનો, અનંત ગુણોનો, અને તેની અનંતી પર્યાયના સામર્થ્યનો આટલો બધો મહિમા કરો છો તો તિર્યંચને આવી ખબર ક્યાં છે?

**ઉત્તરઃ**- તિર્યંચને વસ્તુનો મહિમા પ્રતીતમાં આવી જાય છે. વસ્તુનો અનંત અનંત મહિમા પ્રતીતમાં આવે છે.

* ક્રમબદ્ધ પર્યાયનો સાચો નિર્ણય જ્ઞાયક

ઉપર દૃષ્ટિ જાય ત્યારે થાય છે. રાગ જ્ઞેય છે એમ ક્યારે ભાસે ?–કે રાગથી ભિન્ન જ્ઞાતા થયો તેને રાગ જ્ઞેયપણે ભાસે છે. યોગ્યતા અનુસાર રાગ થાય તેનું ક્યારે સાચું જ્ઞાન થાય ?–કે જ્ઞાતા એની દૃષ્ટિમાં આવે ત્યારે યોગ્યતાનું સાચું જ્ઞાન થાય. રાગ ઉપર દૃષ્ટિ પડી હોય અને ક્રમબદ્ધમાં રાગ હતો, યોગ્યતામાં રાગ હતો–એમ બોલે તે ન ચાલે ! પર્યાય અંદરમાં વળીને દૃષ્ટિમાં દ્રવ્યને પકડે ત્યારે ક્રમબદ્ધ યોગ્યતા આદિનું સાચું જ્ઞાન થાય છે.

**પ્રશ્નઃ-** ધ્રુવ લક્ષમાં આવ્યું ક્યારે કહેવાય ?

**ઉત્તરઃ-** આનંદનો સ્વાદ આવે ત્યારે ધ્રુવ લક્ષમાં આવ્યું કહેવાય. ધ્રુવના લક્ષથી શુદ્ધતા આવે અને અશુદ્ધતા ભિન્ન ભાસે અને પર્યાયમાં શાંતિ આવે ત્યારે ધ્રુવનું લક્ષ સાચું કહેવાય.

**પ્રશ્નઃ-** જ્ઞેયને જાણવાથી રાગ–દ્વેષ થાય કે ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ કરવાથી રાગ–દ્વેષ થાય ?

**ઉત્તરઃ-** પરજ્ઞેયને જાણવા ગયો તે જ રાગ છે. ખરેખર પરજ્ઞેયને જાણવા જવું પડતું નથી, સ્વને જાણતાં પરજ્ઞેય જણાય જાય છે.

**પ્રશ્નઃ-** પર્યાય પર્યાયથી પોતાથી સ્વતંત્ર થાય છે તો દ્રવ્યને કારણ કેમ કહેવાય છે ?

**ઉત્તરઃ-** પર્યાય પર્યાયથી સ્વતંત્ર જ થાય છે પણ પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યને કારણ કહેવાય છે. કારણપરમાત્માથી કાર્યપરમાત્મા થાય છે, ત્યાં પર્યાય દ્રવ્ય ઉપર લક્ષ કરે છે તેથી દ્રવ્યને કારણ–નિમિત્ત કહેવાય છે, દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યનો આશ્રય પણ કહેવાય. કારણવસ્તુ તો ત્રિકાળ છે પણ એને કારણ ક્યારે કહેવાય ?–કે જ્યારે પર્યાય દ્રવ્યનું લક્ષ કરે ત્યારે ત્રિકાળી દ્રવ્યને કારણ કહેવાય છે. આવી વસ્તુસ્થિતિ છે તેને સમજતાં ખોટું પાણી ઊતરી જાય ને સાચું પાણી ચડી જાય એવી વાત છે. ખરેખર તો દ્રવ્ય પર્યાયને કરતું નથી, પર્યાય પર્યાયથી થાય છે, પણ એ વાત જગતને આકરી પડે તેવી સૂક્ષ્મ છે. પર્યાય પર્યાયથી થાય છે–એ જાણવાનું તાત્પર્ય દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ ને દૃષ્ટિ કરવી તે છે. બધાનો સાર તો પર્યાયને અંતરમાં વાળવી તે છે. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા દ્રવ્યના આશ્રયે પ્રગટે છે.

* રાગને જાણવું તે જ્ઞાનનો સ્વકાળ છે, આત્મા રાગમાં વ્યાપતો નથી. જ્ઞાનની જાણવાની પર્યાય અને રાગની પર્યાય પોત પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે. પરની દયા તો આત્મા પાળી શકતો નથી પણ રાગને પણ આત્મા કરતો નથી અને રાગમાં વ્યાપતો પણ નથી. રાગના કાળે થતા રાગપરિણામને સ્વકાળે થતી જ્ઞાનપર્યાય જાણે છે પણ કર્તા નથી.

* પોતે ચક્રવર્તી રાજા હોવા છતાં, પોતાની ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં બહારથી ભીખ માગે, તેમ પોતે ત્રણ–લોકનો નાથ હોવા છતાં, પોતાની પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં પર પદાર્થની પાસે ભીખ માંગે કે મને જ્ઞાન દેજો, મને સુખ દેજો, મને માન દેજો, શુભ કાર્યોથી સુખ મળજો –એમ બધાની પાસે ભીખ માગ્યા કરે છે, એ બધી અજ્ઞાનીની ભ્રમણા છે. બહારથી કાંઈ મળતું નથી. અરે! પંચપરમેષ્ઠીની ભક્તિ આદિનો શુભ રાગ એ પણ આકુળતા ને દુઃખ છે, એમાંથી સુખ માંગવું એ ભ્રમણા છે, અજ્ઞાન છે. બહારથી સુખ–શાંતિ–જ્ઞાન–આનંદ કાંઈ મળતું નથી. પોતામાં જ બધું ભર્યું છે. પોતામાંથી જ બધું મળે તેમ છે. ગંભીરતાથી ને ઊંડાણથી અંદરમાં જ્ઞાયકનો અભ્યાસ કરવાથી જ્ઞાયકમાંથી જ્ઞાન, આનંદ, સુખ બધું મળે છે. જ્ઞાયકભાવમાં અનંત અનંત સુખના ભંડાર ભર્યા છે. તેમાં ઊંડાણથી અભ્યાસ કરવાથી સુખ મળે છે, ભ્રાંતિ છૂટે છે, દરિદ્રતા ટળે છે.

* આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવા જનાર જીવ પહેલા શુદ્ધનયથી હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યેની મમતા રહિત છું, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ વસ્તુ છું–એવો નિશ્ચય કરે છે. આ નિશ્ચયમાં પાંચ ઇન્દ્રિયના વિકલ્પોથી ખસ્યો છે ને મનના વિકલ્પમાં આવ્યો છે પણ એ મનના વિકલ્પોને પણ છોડવા આવ્યો છે, તે આગળ વધતા મન સંબંધી વિકલ્પોને જલદી વમી નાખીને નિર્વિકલ્પ થાય છે.

* નિગોદની પર્યાય વખતે દ્રવ્ય તો પરિપૂર્ણ સ્વરૂપે છે અને કેવળજ્ઞાનની અનંતી અનંતી પર્યાયો પ્રગટે છતાં દ્રવ્યમાં જરાય ઓછપ થાય નહિ. દ્રવ્ય તો ત્રિકાળ પૂર્ણ–પૂર્ણરૂપે જ છે. આહાહા! આ શું છે? દ્રવ્યનો આવો આશ્ચર્યકારી સ્વભાવ છે! દ્રવ્યમાંથી કેવળજ્ઞાનની પૂર્ણ પર્યાય આવી છતાં દ્રવ્યમાં જરાય ઘટાડો થાય નહિ. આ કાંઈ ઓછી વિસ્મયતા છે? દ્રવ્યનો સ્વભાવ તો જુઓ!

* અજ્ઞાનીને એકલા દુઃખનો સ્વાદ છે, કેવળીને એકલા આનંદનો સ્વાદ છે અને સાધક જીવને આનંદના સ્વાદ સાથે થોડો રાગના દુઃખનો સ્વાદ છે, પણ એ દુઃખના સ્વાદને પોતાના આનંદના સ્વાદથી ભિન્ન જાણે છે. આનંદ ને દુઃખના સ્વાદની ભિન્નતાનું તેને ભાન છે.

**પ્રશ્નઃ-** સાધકને આનંદ ને દુઃખનો સ્વાદ સાથે આવે છે કે જુદો જુદો?

**ઉત્તરઃ-** સાધકને આનંદનો ને દુઃખનો સ્વાદ આવે છે સાથે, પણ એ બન્ને સ્વાદને સાધક જ્ઞાની ભિન્ન ભિન્ન જાણે છે.

**પ્રશ્નઃ-** આત્મા જ્ઞાન સ્વરૂપે જ છે, જ્ઞાનને જ નિત્ય સેવે છે, તો જ્ઞાનની સેવા કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?

**ઉત્તરઃ-** આત્મા જ્ઞાન સ્વરૂપે જ હોવા છતાં અનાદિનો અજ્ઞાની ક્ષણમાત્ર પણ જ્ઞાનની સેવા–ઉપાસના કરતો નથી, પરંતુ પરની જ સેવા–ઉપાસના કરે છે. પુણ્ય–પાપની ઉપાસના કરે છે. અરે! શાસ્ત્રનું જ્ઞાન કરે એ પણ આત્માનું જ્ઞાન નથી, શબ્દજ્ઞાન છે, પરનું જ્ઞાન છે, પરની સેવા–ઉપાસના છે. પોતે ભગવાન જ્ઞાન–સ્વરૂપ હોવા છતાં જ્ઞાનની સેવા–ઉપાસના કરતો નથી પણ પરદ્રવ્યની જ સેવા અનાદિથી કરે છે. તેથી જ્ઞાનસ્વરૂપ આત્માની સન્મુખ થઈ સેવા–ઉપાસના કરવાની શિક્ષા દેવામાં આવે છે. ❀ ❀ ❀

# સમાચાર—

❀ પૂજ્ય ગુરુદેવશ્રી તા. ૧૪–૩–૭૯ ના મંગલ સુપ્રભાતે સોનગઢથી પ્રસ્થાન કરીને રાજકોટ પધાર્યા છે. તેઓશ્રી સુખશાતામાં બિરાજી રહ્યા છે.

❀ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૦ મી જન્મજયંતી ૨૮ મી એપ્રિલે હોવાથી આત્મધર્મનો ૧લી મેનો અંક ૨૧ મી એપ્રિલે બહાર પડશે.

❀ રાજકોટમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન પધરામણીની ખુશાલીમાં શ્રી મોહનલાલ કાનજીભાઈ ઘીયાના પુત્ર શ્રી રતીલાલ મોહનલાલ ઘીયા તરફથી તા. ૧૪–૩–૭૯ થી તા. ૨૮–૩–૭૯ સુધી શાસ્ત્રોનું વેચાણ અડધી કિંમતે રાખવામાં આવ્યું હતું તથા તા. ૨૧–૩–૭૯ થી 'બહેનશ્રીનાં વચનામૃત' માત્ર એક રૂપિયામાં વેચાણમાં રાખવામાં આવ્યા હતા. આત્મધર્મની આજીવન સભ્ય ફી. રૂ. ૧૦૧/–ને બદલે રૂ. ૭૬/–તેમના તરફથી રાખવામાં આવી હતી.

❀ ફાગણ વદ ૧૦ ના રોજ રાજકોટનિવાસી લલીતાબેન જયસુખલાલ સંઘાણી, હસ્તે બ્ર. શારદાબેને તેમના કુટુંબીજનો સાથે ભગવતી ધર્મરત્ન પૂજ્ય બેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવ્યા હતા.

❀ ફાગણ વદ ૮ થી ૧૦ સુધી રાજકોટ નિવાસી શ્રી હીરાચંદ ભાઈચંદ પારેખ, હસ્તે બ્ર. ઇચ્છાબેન તરફથી પંચપરમેષ્ઠી મંડલવિધાન પૂજન રાખવામાં આવેલ હતું.




❀ સુરેન્દ્રનગરના શ્રી રમણીકલાલ ચત્રભુજ સંઘવીના એકમાત્ર પુત્ર મહાકાંતભાઈ (વર્ષ–૨૩) (કે જેમના સવા વર્ષ પહેલા જ લગ્ન થયા હતા તેઓ) એકાએક સોમવાર તા. ૫–૩–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ આગલા સોમવારથી શુક્રવાર સુધી તો સોનગઢ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનનો અપૂર્વ લાભ લેવા રોકાયા હતા. સોનગઢથી ગયા બાદ એકાએક પેટનો કોઈ અસાધ્ય રોગ ઉપડતાં સોમવારે સાંજે સ્વર્ગવાસ પામેલ છે. બેશુદ્ધદશામાં પણ ભગવાનના દર્શને જવાનું, પૂજ્ય ગુરુદેવના દર્શન તથા પ્રવચન માટે જવા આદિનું રટણ કરતા હતા. ભર યુવાનીમાં, બહુ જ તંદુરસ્ત શરીર હોવા છતાં, એકાએક પેટની બિમારીથી મરણ થવા પહેલાના કેટલાક કલાકો શુદ્ધિમાં આવતાં કોઈ પણ જાતના સાંસારિક વિકલ્પો કર્યા વિના 'અહો! અહો! શ્રી સદ્ગુરુ' આદિ સ્તવનો ગાતા ગાતા, અસહ્ય પીડાનું દુર્લક્ષ કરીને, છેલ્લી મિનિટે 'હું ભગવાન પાસે જાઉં છું'–એમ કહીને, શાંતિથી દેહ છોડયો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીએ પણ પ્રવચનમાં આ નશ્વર દેહની ક્ષણભંગુરતાને અનુલક્ષીને આત્મજાગૃતિનું વારંવાર ઉદ્બોધન કર્યું હતું. આવું આકસ્મિક મરણ થવાં છતાં પૂજ્ય ગુરુદેવ પાસેથી મળેલી સમજણના પ્રતાપે તેમના પિતા તથા પત્નિએ ખૂબ ધૈર્યપૂર્વક સમાધાન રાખ્યું છે.

❀ વડોદરાનિવાસી શ્રી ગોસળીયા પ્રભુદાસભાઈના પિતાશ્રી હરગોવિંદદાસભાઈ (વર્ષ–૯૦) ફાગણ સુદ ૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

–સ્વર્ગસ્થ આત્માઓને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણોજ ભક્તિભાવ હતો. તેઓ વીતરાગ ધર્મનું શરણ પામીને આત્મકલ્યાણ પામો એ જ શુભ કામના.

❀ જે સંસારમાં દેવોના ઇન્દ્રોનો પણ વિનાશ જોવામાં આવે છે, જ્યાં હરિ અર્થાત્ નારાયણ, હર અર્થાત્ રૂદ્ર અને વિધાતા અર્થાત્ બ્રહ્મા તથા 'આદિ' શબ્દથી મોટા મોટા પદવી ધારક સર્વે કાળ વડે કોળીયો બની ગયા તે સંસારમાં શું શરણરૂપ છે?

**-સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા.**

## —: જાહેરાત:—

### શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ-સોનગઢ, જી. -ભાવનગર ( ગુજરાત )
### -વિદ્યાર્થીઓ માટે અભ્યાસની સુંદર સગવડ-

ઉપરોક્ત બોર્ડિંગ અહીં છેલ્લા ૨૬ વર્ષથી ચલાવવામાં આવે છે. અહીં ત્રણે ફિરકાના જૈન વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ ૫ થી ધોરણ ૧૨ ( હાયર-સેકન્ડરીના બીજા વર્ષ ) સુધીમાં અભ્યાસ કરતા હોય તેમને દાખલ કરવામાં આવે છે.

અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાઈસ્કૂલના શિક્ષણ ઉપરાંત શ્રી સનાતન દિગંબર જૈન ધર્મનો ધાર્મિક અભ્યાસ તથા પરમોપકારી, અધ્યાત્મમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીનાં તત્ત્વપૂર્ણ વ્યાખ્યાન શ્રવણનો પણ અપૂર્વ લાભ મળે છે.

પૂરી ફીનું ભોજનનું માસિક લવાજમ રૂ. ૬૦/–તથા ગરીબ વિદ્યાર્થીઓ પાસેથી ઓછી ફીનું ભોજન લવાજમ માસિક રૂ. ૩૫/–ફક્ત લેવામાં આવે છે.

સંસ્થામાં ખોરાક સારો આપવામાં આવે છે. માટે દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૨૫–૪–૭૯ સુધીમાં રૂ. ૦–૫૦ ન. પૈ. ની ટીકીટ બીડીને પ્રવેશ પત્ર તથા નિયમો મંગાવીને, તે ભરીને વાર્ષિક પરીક્ષાના માર્કસશીટ સાથે તા. ૨૦–૫–૭૯ સુધીમાં પરત બીડવાં.

લી. મંત્રી,
શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
જી. ભાવનગર, ( ગુજરાત )

### આત્મધર્મ માસિક-પત્ર સંબંધી માહિતી


પ્રકાશન સ્થાન–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ).
પ્રકાશન તારીખ–દરેક માસની પહેલી તારીખ.
પ્રકાશક–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.
મુદ્રક–મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ.
સંપાદક–નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ.
તંત્રી–પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર, ભાવનગર.
રાષ્ટ્રીયતા–ભારતીય.
માલિક–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

**તા. ૧-૪-૭૯** –વ્યવસ્થાપક ( –મેનેજર )
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

# આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. શ્રીગુરુ જગવાસી જીવોને ઉપદેશ આપે છે કે તમને આ સંસારમાં મોહનિંદ્રા લેતાં અનંતકાળ વીતી ગયો; હવે તો જાગો અને સાવધાન અથવા શાંતચિત્ત થઈને ભગવાનની વાણી સાંભળો, જેનાથી ઇન્દ્રિયોના વિષય જીતી શકાય છે. મારી પાસે આવો, હું કર્મકલંક રહિત પરમ આનંદમય તમારા આત્માના ગુણ તમને બતાવું. શ્રીગુરુ આવાં વચનો કહે છે તોપણ સંસારી મોહી જીવ કાંઈ ધ્યાન આપતા નથી, જાણે કે તેઓ માટીના પૂતળા છે અથવા ચિત્રમાં દોરેલા મનુષ્ય છે.

( શ્રી સમયસાર નાટક, નિર્જરા દ્વાર, શ્લોક-૧૨ )

૨. સર્વ ક્ષેત્ર કે કાળમાં કોઈ પણ પ્રકાર કે કારણ વડે જીવ કાળથી બચ્યો નથી, બચતો નથી કે બચશે પણ નહિ. સર્વ શરીરધારી પ્રાણીઓ એ પ્રચંડ કાળને વશ વર્તી રહ્યાં છે. એ પ્રત્યક્ષ જોઈને હે જીવ ! પ્રતિ પળે વિનાશ સન્મુખ જતાં શરીરને રાખવાની ચિંતા છોડી એક નિજ આત્માને જ રાગ-દ્વેષાદિ દુષ્પરિણામોથી હણાતો બચાવ, બચાવ ! વિનાશી પદાર્થને રાખવાની માથાકુટ છોડી એ અવિનાશી નિજ આત્મપદનું રક્ષણ કર, રક્ષણ કર ! અને દેહનાશની ચિંતાથી નિશ્ચિંત થા, કારણ કે એ નિજપદ નથી પણ પર પદ છે.

( શ્રી આત્માનુશાસન, ગા ૭૯ )

૩. જ્ઞાનને રોકનાર, શાંતિનો નાશ કરનાર, શ્રદ્ધાનો ભંગ કરનાર અને અભિમાનને વધારનાર 'કુતર્ક' માનસિક રોગ છે, કે જે અનેક રીતે ધ્યાનનો શત્રુ છે. તેથી મોક્ષાભિલાષીઓએ પોતાના મનને કુતર્કમાં લગાવવું યોગ્ય નથી પરંતુ આત્મ-તત્ત્વમાં લગાવવું યોગ્ય છે કે જે સ્વાત્મોપ્લબ્ધિરૂપ સિદ્ધિ-સદનમાં પ્રવેશ કરાવનાર છે. ( શ્રી યોગસાર, અધિ-૭, પદ્ય-૫૩. )

૪. ચેતન અને અચેતન એ બન્ને ભિન્ન તત્ત્વ છે. તેમના ભિન્ન સ્વરૂપનો વિચાર કરવો તેને વિવેક કહેવામાં આવે છે. તેથી હે આત્મા ! તું આ વિવેકથી ગ્રહણ કરવા યોગ્ય જે ચૈતન્યસ્વરૂપ છે તેનું ગ્રહણ કર અને છોડવા યોગ્ય જડતાને છોડી દે.

( પદ્મનંદિ પંચવિંશતિ શ્લોક ૭૨-૭૩ )

૫. જેવી રીતે કોઈ પુરુષ દર્પણને દેખીને વળી ( આ તરફ ) પોતાના મુખનું રૂપ નિઃશંકપણે દેખે છે, તેવી રીતે પોતે સરાગી હોવા છતાં પણ વીતરાગ પ્રતિબિંબને દેખીને વળી ( આ તરફ ) નિશ્ચયથી તે જ વીતરાગસ્વરૂપ પોતાનામાં હું જ છું-એમ નિઃસંદેહપણે જાણે છે. ( શ્રી આત્માવલોકન-ગુજરાતી, પાનું ૨ )

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

| | |
|---|---|
| ૮૫૦ શ્રી પ્રધાનભાઈ ખીમજીભાઈ ઠક્કર | બોટાદ |
| ૮૫૧ ,, મંગલદાસ જીવરાજ શાહ | તલોદ |
| ૮૫૨ ,, હરિલાલ અંબાલાલ વોરા | બોટાદ |
| ૮૫૩ ,, વીરચંદભાઈ ભુરાલાલ ડગલી | ,, |
| ૮૫૪ ,, દિગંબર જૈન મુમુક્ષ મંડળ | ,, |
| ૮૫૫ ,, સુંદરજી વીરજી વારીયા | સુરેન્દ્રનગર |
| ૮૫૬ ,, શાલીભદ્ર મીઠાલાલ સરૈયા | દાહોદ |
| ૮૫૭ ,, ડૉ. રાજેન્દ્ર પી. શાહ | સુરત |
| ૮૫૮ ,, ચંદુલાલ શાંતિલાલ શાહ | ,, |
| ૮૫૯ ,, રમણલાલ મગનલાલ પટેલ | ,, |
| ૮૬૦ ,, કુસુમબેન અશોકચંદ્ર પરીખ | મુંબઈ |
| ૮૬૧ ,, નીરૂબેન બંકીમભાઈ ચોક્સી | સુરત |
| ૮૬૨ ,, વિનુબેન કિશોરભાઈ શાહ | વ્યારા |
| ૮૬૩ ,, મનીષ દેસાઈ | સુરત |
| ૮૬૪ ,, પ્રવિણભાઈ ટેઈલર | ,, |
| ૮૬૫ ,, પ્રવિણચંદ્ર પી. દોશી | મુંબઈ |
| ૮૬૬ ,, મગનલાલ કેશવલાલ વોરા | ,, |
| ૮૬૭ ,, ઇન્દોરીમલ કેસનજી જૈન | ખંડવા |
| ૮૬૮ ,, રામજીભાઈ શામજીભાઈ પટેલ | મુંબઈ |
| ૮૬૯ ,, સુરેશચંદ્ર ચીમનલાલ શાહ | ,, |
| ૮૭૦ ,, ચંપકલાલ નેમચંદ શાહ | ,, |
| ૮૭૧ ,, કાંતિલાલ ચીમનલાલ શાહ | ,, |
| ૮૭૨ ,, શાંતિલાલ જેતશીભાઈ મોદી | ,, |
| ૮૭૩ ,, શાંતિલાલ છગનલાલ જૈન | ,, |
| ૮૭૪ ,, પ્રભાવતી વિનોદચંદ્ર શાહ | ,, |
| ૮૭૫ ,, બાબુભાઈ ડી. પટેલ | ,, |
| ૮૭૬ ,, મનસુખભાઈ એલ. પટેલ | ,, |
| ૮૭૭ ,, રવજીભાઈ ગોવિંદભાઈ પટેલ | ,, |
| ૮૭૮ ,, વીરજીભાઈ ભીમજીભાઈ પટેલ | માણેકપુર |
| ૮૭૯ ,, છગનલાલ મગનલાલ ખંધાર | મુંબઈ |

**આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/- [ ક્રમશઃ ]**

Licence No. 3
'Licensed to post without prepayment'

**If not delivered please Return to:**
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ( સૌરાષ્ટ્ર ) PIN: 364250

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર**

પ્રકાશકઃ **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364 250**

મુદ્રકઃ **મગનલાલ જૈન અજિત મુદ્રણાલય** સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૪૦૦૦

[ **વાર્ષિક લવાજમઃ રૂા. ૬-૦૦** ]